४५९४ ।।।/१।

रसिक ओच्छवपद्‌ माळामणि.

वैश्नवादिक सज्जनोने माटे.
रचिने प्रसिद्ध करनार.

हरीलाल उमीयाशंकर. रावळ
અને
लालजी प्राणशंकर. भट्ट.

रहेवाशी नारदीपुर. तालुके कलोल.

हरिगित छंद. अंतरबहार लापीका

बहु हेतथी पुस्तक लघु नारीने नर सौ वांचशो,
वखतो वखत संभारवाथी नाथने पद पोंचशो;
रटरटणथी पदमाळ ओछव वेर वेर तुं भावथी,
मीथ्याभिमान तजी सदा जड उतरशो आ नामथी.

अमदावाद.

पानकोरने नाके घांचीनी वाडीमां
"एंग्लो वर्नाक्युलर प्रिंटिंग प्रेस"मां
नथुभाई रतनचंद मारफतीयाए छापी.

सामटी लेनारने कमीशन मळशे.

किंमत चार आना.

अर्पण पत्रिका.

પરમદયાળુ, પરોપકારી, ધી, સોલાપૂર

મીલનાએજંટ.

શેઠજી સાહેબ. મેઘજીભાઇ પ્રેમજીભાઈ.

મુ૦ સોલાપુર.

આપનો શિક્ષણીય ગ્રંથો વાંચવાનો અતિ શોખ, અને વિદ્યાવૃદ્ધિ તરફ પ્રીતી, તેમજ ઇશ્વર ભક્તિ ઉપર ઘણોજ પ્યાર, વળી જગતકર્તા જે ઈશ્વર તેના સ્મરણમાં હમેશાં મગ્ન રહેનારા. એવો પ્રેમપૂર્વક આપનો પ્રિતિભાવ જાણી, આ અમૂલ્ય **બોધજીવપદમાળામણી** નામની લઘુ બુક અમે પ્રેમ ભક્તિપૂર્વક આપનેજ અર્પણ કરીએ છીએ.

હરિગિત છંદ. અંતર બાહાર લાપિકા.

રટો સદા શ્રી રામને | મનમાં મનન કરીને પ્રિતે.
ઠરવાનો એતો ઠામ છે | જિભેથિ જયજપિ લ્યો નિત્યે;
જીવતર સફળ જેથી થશે | ભારિ વધો સુખ દેહનું,
મેહેર મેઘજીભાઈને કરિ | ઈશ કાપજો દુઃખ તેહનું;
ઘણી રિદ્ધિસિદ્ધિ પુરજો | નેહ આણીને શ્રીનાથજી,

જીભ્યાગે વસજો જગતજનુની અરજી આ સ્યો હાથજી;
માય ભજી ભગવાનને રટવા ઓચ્છવ મણિમાળાને.
ઈશ કૃપાથી અરપણ કરૂં પરોપકારી દયાળને;
પ્રેમ કરી સ્વિકારશો વળી ભ્રગમ દોશ ન થાપશો,
ભૂલચુકની મારી હરીનો લાલ જાણી આપશો.

તા૦ ૧ લી અકટોબર
સને ૧૮૯૦.

આશાંકીત શેવક
હરીલાલ ઉમીયાશંકર
લાલજી પ્રાણશંકર.
નિવાસ નારદીપુર

(ભ્રુગમનો અર્થ મન થાય છે.)

પ્રસ્તાવના.

સર્વ સુજ્ઞ આર્ય સ્વદેશીયો અને વૈશ્નવાદિક સજ્જનો-ને અમે ઘણીજ નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ જે.

આ લઘુ પુસ્તક અમોએ અમારી ટુંક બુદ્ધિથી તથા ઘણીજ શોધ અને સંભાળથી પ્રગટ કીધું છે કે, જેમાં હરીરસ રૂપી ઓચ્છવનાં પદો સર્વ સ્વદેશિયોના ધર્મ વિશે-નાં એટલે વૈશ્નવ તથા સતસંગી તથા શિવધર્મ અને દેવી ભક્તને ગાવાનાં પદો લખ્યાં છે.

આ બાબતના સબંધમાં એટલે પ્રભુ ભક્તિમાં અ-મારા અંતઃકરણના કાંટાની એક બાજુ નમતી રાખવાને અમારા મનોભાવના આકરશણથી આ ઈશ્વર ભક્તિનાવિ-ષય ઉપર અમારી યથામતીથી બન્યું તેટલું બનાવી છપા-વવાને અમારૂં મન ખેંચાયું તેથી બનાવી છપાવી. આ **ઓચ્છવપદમાળામણી** નામની અમુલ્યચોપડી આપ સુજ્ઞ સ્વદેશીઓની સેવામાં મુકું છું, તો તેમાંથી હરીરસરૂપી અ-મૃતનું પાન કરી સદ્ગુણ સંગ્રહ અને દુરગુણનો ત્યાગ ક-રી એક પરમદયાળ જગતકર્તા ઈશ્વરનું રટણ કરો.

આ ચોપડીમાં ઈશ્વર સ્મરણ બાબતનાં પદો એટલે વસંત, હોરીયો, ધુમાર, ફાગ, તથા રાસલીલા તથા જુદા જુદા રાગનાં છુટક પદો લખ્યાં છે.

આ લઘુ પુસ્તક અમોએ કવિપણું બતાવવાને માટે રચેલું નથી, પણ ફક્ત નારાયણના ગુણાવિદ ગાવાને અર્થે રચેલ છે. તેમ આ અમારો પેહેલ વેહેલોજ યત્ન હોવાથી કેટલીએક કસુરો નજરે આવશે તો વાંચનાર સજ્જનોએ સુધારી વાંચી ભુલચુકની ક્ષમા કરશો એજ વિનતી.

તા૦ ૧ માહે આકટોબર સને ૧૮૯૦

તા૦ ૧ લી આકટોબર સન ૧૮૯૦

લી૦ આજ્ઞાંકિત.
હરિલાલ ઉમીયાશંકર
લાલજી પ્રાણશંકર
નિવાસ નારદીપુર.

દોહરો.

અંતર બહાર લાપીકા.

ગણુંતા ગુણ ગણાય નહી, જાણુ જુગમાં છાપ;
નમન કરૂં ગણપતિ પ્રભુ, નામ અવીચળ થાપ. ૧
અસ આપો વીધન હરો, પ્રતાપિ શંકર તાત;
સંસય મનના ટાળજે, નમું દો સાક્ષાત. ૨

સવૈયા એકત્રિશા છંદ.

અંતર બહાર લાપીકા.

શ્રીઅંબીકા સાહ્ય થઈને,
અંમર કરજો અમારી કાય;
ધીના અમારી ધ્યાન ધરોને,
કાળ ક્રોધ તો પ્રલે થાય.
જીભ્યાગે વસજો જગત જનુની,
પ્રસન થઈ પુરજો મન કોડ;
સંકટ ભય પરિતાપ નિવારી,
નક્કી અમર કરશો આ જોડ.
હરીલાલ હરનીશ ભજે છે,
ઉમિયાશંકરનો એ બાળ;
લાલજી કહે નમન કરીને,
પ્રાણજિવન મા લ્યો સંભાળ.

રસિક.

ઓચ્છવ પદ સંગ્રહ.

પદ ૧ લુ.

ગણપતિ સ્તુતિ.

હાંરે તારી આંખોમાં ભર્યોરે ગુલાલ,
લાલ કેસર રંગમાં હુંરે રંગિલી. (એ રાગ.)

હાંરે લટકાળો લટકંતો લાલરે, લટકાળો લટકંતો આવ.
દુંદાળો ગણપતિ દેવરે, લટકાળો (ટેક)
લાંબી સુંઢાળોને દુંદ ફુંદાળો;
ગવરીના પુત્ર ગણેશરે લટકાળો. ૧
અંગે ભભુત કમંડળ હાથે;
કરમાંહી મોદિક થાળરે. લટકાળો. ૨
સુભ કામમાં પેહેલો સમરીએ;
સમરીએ ગણપતિ દેવરે. લટકાળો. ૩
હરીના લાલના સ્વામી રશિયા,
વિઘન કરો સૌ દુરરે. લટકાળો. ૪

પદ ૨ જુ.

શ્રી ગુરૂને પાય લાગુ પેહેલુ વેહેલુ શ્રી
ગુરૂને પાય લાગુ. (એ રાગ.)

શ્રી ગુરૂને આરાધુ પ્રેમે કરી શ્રી ગુરૂજીને આરાધુ,
પરથમ પેહેલો પાયે લાગુ, કરૂંરે ગુરૂજીની સેવા,

ચંદન આરતી પુષ્પ ચડાવું, પીરસુધું રૂડા મેવા. શ્રી૦ ૧
શીવ બ્રહ્મા તેરા ધ્યાન ધરતહે, ઉમીયાજી કરતહે શેવા,
નારદજી ગાન તાનથી ગાવે, નમું રે ગુરૂજી દેવા. શ્રી૦ ૨
વેદ પુરાણ શાસ્ત્ર ગુણ ગાવે, ગાવે કરોડો દેવા,
જ્યાં જોઉં ત્યાં સમરણ થાય, ગુરૂજી ગુણના એવા.શ્રી૦ ૩
પ્રથમ પેહેલું પૂજન કરૂંછું, માટે કરજો તમે સુખ સાત,
હરીનો લાલ હરનીશ ભજે છે,ગુરૂજીના ગુણલા ગાતા. શ્રી૦ ૪

પદ ૩ જું.

તારી આંખોમાં ભર્યોરે ગુલાલ લાલ
કેસર રંગમાં હું રે રંગીલી. (એ રાગ.)

સાહ્ય કરો અંબે સાહ્યરે ભાવથી ભક્તને સાહ્ય કરોરે.
સમરૂં હું સરસ્વતિ માતરે. ભાવ. (ટેક)
પરથમ પેહેલી સમરૂ તુનેરે, જીભ્યાયે વશજો માતરે. ભા. ૧
કરૂણાવંતિ મા કરૂણારે કરજો, સેવકને કરજો સાહ્યરે. ભા. ૨
મોરને વાહન બેઠા બીરાજો, સાક્ષાત ત્રિપુરા માઈરે. ભા. ૩
હરીના લાલને છે રટણ તમારૂં, જીભ્યાયે વસજો માતરે.ભા ૪

પદ ૪ થું. રાગ વસંત.

હેલી ચાલ વસંત વધાવીએ (રાગ.)

ચાલ વંદ્રાવન કહાવીએ, ઓલ્યા કાનુડાને ભાવીએ,;
પકડી નંદના લાલને લાવીએ હેલી ચાલ વંદ્રાવન કહાવીએ.૧
હેલી વસંત આવ્યો રૂડો તું જાણ,જેથી મનમાં ઘણો આનંદ માણ;
અમે નંદના લાલ સાથે આવીએ,હેલી ચાલ વંદ્રાવન કહાવીએ. ૨
જુઓ વસંત રૂતુ રળીઆમણી, જેને સુંદીર સ્યામે મોટી ગણી,

જેમ સુવર્ણમાં શોભે મણી, ગીરધારી ગોવરધન ચાલીએ,
હેલી ચાલ વંદ્રાવન કહાવીએ, કામ ક્રોધ મુમત મચ્છર મેલ,. ૩
આવ્યો વસંત થઈ મન રંગરેલ, આનંદ વાધ્યો જેમ નાગરવેલ:
હરીના લાલને મન ભાવીએ, હેલી ચાલ વંદ્રાવન કહાવીએ. ૪

પદ ૫ મું. રાગ ઉપર પ્રમાણે.

હેલી ચાલ કહાનને નીહાળીએ, કહાંન બેઠા કદમની ડાળીએ;
આવ્યો વસંત રૂડો રંગરેલ હેલ, ગાંહી ધઉંની ઉંબી આંબા મોર મેલ,
એવો વસંત રૂડો રે વધાવીએ, હેલી ચાલ કહાંનને નીહાળીએ. ૧
દેખો વસંત રૂતુ કેવી લગત પ્યાર, ચાલો વધાવીએ નવ લાગે વાર;
ગીરધારી રાણા રૂદીયા મોઝાર, જેની સાથે બાંધ્યો છે અમારો તાર,
એવા રંગના ભરેલા છે ભાળીએ, હેલી ચાલ કહાંનને નીહાળીએ ૨
રૂડા કેસુંડાં ફુલ્યો છે ફાલ, જેના ઉપર પ્રભુનો દીસે પ્યાર;
તેથી કેસુંડા હૈયાનો હાર, વનમાં ખીલી વનસ્પતિ અઢાર,
એવા કહાંન કુંવરને કહાવીએ, હરીના લાલને મન પ્રભુ ભાવીએ,
હેલી ચાલ કહાંનને નીહાળીએ. ૪

પદ ૬ ઠું.

આવ્યો વસંત અતિ આનંદ ઊર, વધાવાને જાવું વનમાં દૂર;
કોકીલા કરતહે સ્વર મધુર, ચકવા ચકચક કરતહે ચતુર,
આવ્યો વસંત અતિ આનંદ ઉર. ૧
એવું સુણીને આવ્યુ મનમાં સુર, સૌ વસ્ત્ર સજી આવો જરૂર,
પુજાપો જળ ઝારીને કુર; ગંધ પુષ્પ અને આરતી કપુર,
આવ્યો વસંત આનંદ અતી ઉર, વધાવો થઇ ચકચુર સુર. ૨
આંબા મોહોર લઈ સઉ આવ્યા પુર; શોભે સૌ નરનારીનું નુર,

વેંચ્યા ફગુવા પુંખ અને ખજુર;,હરીનો લાલ રહે હરનીશ હજુર,
આવ્યો વસંત અતિ આનંદ ઉર. ૩

પદ ૭ મું. રાગ ઉપર પ્રમાણે.

સખી વસંત આવ્યો એમ જાણીએ,અતિ હર્ષ તે મનમાં આણીએ,
સુખ વસંત રૂતુનું માણીએ,સખી વસંત આવ્યો એમ જાણીએ.૧
વન મધ્યે વનસ્પતિ ખુબ ખીલાય,વાધે ઉમંગને અંગ શીતળ થાય;
આંબા વૃક્ષ અને મહુડો ફળાય,એવું વસંતતણું સુખ માણીએ,
સખી વસંત આવ્યો એમ જાણીએ.રાયણ કેરી ત્યાંશીતળ છાંય.૨
જ્યાં પોઢ્યા શ્રી જદુપતિના રાય;, જેથી દુઃખ અને દારિદ્ર જાય,
એવું વસંતપણું સુખ માણીએ,સખી વસંત આવ્યો એમ જાણીએ.૩
રત આવી વસંત તણીજ સાર,મરૂવા ડમરાની સુગંધ અપાર;,
કેસુંડા ફુલ્યો શી કહિયે બાહાર, એવાં ખીલી રહ્યાં વૃક્ષહારોહાર;
એવું વસંતતણું સુખ માણીએ,સખી વસંત આવ્યો એમ જાણીએ.૪
ગંગા જમુનાંની નીરતીર, વશીયા વાહાલો હળદર વીર;
જેનાં કોમળ દીસે છે શરીર, હરીનો લાલ કહે પેહેર્યા હીરચીર,
એવુંવસંતતણું સુખ માણીએ,સખી વસંત આવ્યો એમ જાણીએ.૫

પદ ૮ મું. રાગ ઉપર પ્રમાણે.

આવી વસંત રૂતું સુંદીર શ્યામ,તેના ગુણ ગણતાં નવ પામે પાર,
અતિ લિલ વીલાસ દીસે છે સાર,અતિ આનંદ ઓચ્છવ પ્રભુને ધામ,
આવી વસંત રૂતુ સુંદીર શ્યામ,આંબા ડાળ લટી રહી છે આવાર.૧
ફળ ફુલ અને મેવા અપાર, ચંબેલી કેતકી ફુલનાં ઝાડ,
અતિ આનંદ ઓચ્છવ પ્રભુને ધામ,આવી વસંત રૂતુ સુંદિર શ્યામ.૨
જાઇ જુઇ કમળની ખીલી બાહાર,ખીલ્યો મરૂરો મહુવો સુગંધીદાર

ભમરો રસ ભોગી કરે ગુંજાર,એવા હરીના લાલ પ્રભુ હૈયાના હાર,
અતિ આનંદ ઓચ્છવ પ્રભુને ધામ,આ વિસંત રૂડું સુંદિર શ્યામ. ૩

પદ ૮ મું. રાગ ઉપર પ્રમાણે.

એક રામ નામ હે સત્ય કામ, જ્યાંતો અયોધ્યામાં હે મુકામ.
અવતરીઆ પ્રભુ રાવણને કામ, કર ધનુષ્ય લીયો સુંદીર શ્યામ,
લંકેશ જીત્યાની મનમાં હામ, એક રામ નામ હે સત્ય કામ. ૧
ચડિયા લંકાપર રામ નામ, જ્યાંકો હનુમાનજી તો કરત કામ;
શુદ્ધ લેવાની હનુમાન ધરોને હામ, એક રામ નામ એ સત્ય કામ;
કપિવર સુગ્રીવજી ધરત ધ્યાન,જેથી વાધ્યું જગતમાં અમર નામ,
શુદ્ધ લાવ્યા હનુમાન ધીર વીર, બળી ગયાં મંદીરને ચોળી ચીર;
એવો વીર હનુયો કરત કામ, એક રામ નામ હે સત્ય કામ. ૩
જાઓ અંગદ દુષ્ટને શીખ દીયો, વળતી ખબર મુજને કહો;
સતી સીતાજીની શુદ્ધ લહો, દુષ્ટ આગળ જઈને કરોને કામ,
હરીનો લાલ ભજત હે રામ નામ,એક રામ નામ હેસત્ય કામ.૪

પદ ૯ મું. રાગ ઉપર પ્રમાણે.

નહિં માન્યું અહંકારી રાવણ રાય.જેની વજ્ર સરિખી દિસત કાય,
રાજા રાવણ જુધે કેવો જાય, જશ રામચંદ્રનો કેવો થાય,
નહિં માન્યું અહંકારી રાવણરાય. ૧
ચડયા લક્ષ્મણજી નવ લાગી વાર,કર્યો ધનુષ્ય તણો ત્યાંતો ટંકાર
માર્યો ઇંદ્રિ જીત નવ લાગી વાર, ઉતાર્યો પ્રભુએ ભૂમિનો ભાર.
નહિં માન્યું અહંકારી રાવણરાય. ૨
રાવણને વળતી ચડીયો કોપ, મારો ઇંદ્રિજીતનો કીધો લોપ;
દશ શિષ્ય વીશ ભૂજ જબરી કાય, રામ ઉપર રાવણ કેવો ધાય;
નહિં માન્યું અહંકારી રાવણરાય. ૩

રાવણુને મારવા રામ જાય, જેની બાણુથી છેદી નાંખી કાય;
તેની અગ્નિ રૂદિયા મોઝાર થાય, મુઓ રાવણ રાજાનો જીવ જાય;
હરીનો લાલ કહે કરો અમર કાય,નહિં માન્યું અહંકારી રાવણ રાય.૪

પદ ૧ લું. રાગ વસંત.

વસંત વધાવા આવો મારાવાહાલા વળતી રમો હરી હોરી. (એ રાગ)

વસંત વહાલો લાગે સુણ સજની પ્રાણજીવણુને પ્યારો,
પ્રાણજીવણુને પ્યારો. વસંત વહાલો લાગે (ટેક)
વસંત વનમાં ખીલી રહ્યોરે, ખીલ્યાં તે વનનાં ઝાડ;
વહાલા માર. વસંત વહાલો૦ ૧
કેસુડાં ફુલ્યો ગુણવંતો, ગુણવંત ગીરધરલાલ.
વાલા મારા. વસંત વાહાલો૦
ખીલી રહી ફુલની ફુલવાડી, ચંદન ચંપક ઝાડ;
વાલા મારા વસંત વાહાલો૦ ૩
કારમી કેતકી ગુલાબ ગેટો, ખીલી રહ્યાં ઘનઘોર;
વાલા મારા વસંત વાહાલો૦ ૪
હરીનો લાલ વસંત રૂતુને નમી નમી લાગે પાય;
નાલા મારા વસંત વાહાલો૦ ૫

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

વસંત વધાવી વળો મારા વાહાલા. વાટ રહી છું જોઈ;
વાટ રહી છું જોઈ વાલા મારા. વસંત (ટેક).
ગોપી સરવે તઈયાર થઈ છે, પુજા સામગ્રી લેઈ;
વાલા મારા. વસંત વધાવા૦ ૧
તાલ પખાજ ઝાંઝર ઝમકારા, થઈ રહચો ઘનઘોર,

વાલા મારા. વસંત વધાવશ૦
વનમાં ફુલી વનની ઝાડી, વંદ્રાવન મોઝાર;
વાલા મારા. વસંત વધાવા૦ ૩
ફગળ કેસુડો ખીલ્યો રંગ રાતો, રાતું તે વંદ્રાવન,
વાલા મારા. વસંત વધાવા૦ ૪
હરીનો લાલ પ્રભુ રંગથી રાતો. રાતી તે પેહેરી ગોળ.
વાલા મારા. વસંત વધાવા૦ ૫

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

આજ અલોકીક આંબો ખોલ્યો, વંદ્રાવન મોઝાર,
વંદ્રાવન મોઝાર વહાલા મારા. આજ અલો. (ટેક)
આંબો મોહોર્યો ને કેસુર ફુલ્યાં, મોહોર ઘટા ઘનઘોર,
વાહાલા મારા. આજ અલોકીક૦ ૧
મોઘરો ચંપો ચંબેલી ખીલ્યાં, જાઈ જુઈની જોડ,
વાહાલા મારા. આજ અલોકીક. ૨
એરે વસંત રૂતુમાં મારો વાહાલો, હોરી રમવા જાય,
વહાલા મારા. આજ અલોકીક૦ ૩
માતા જસોદા વાટ જુવે છે, ક્યારે ગયો મહારો કાંહાન.
વાહાલા મારા. આજ અલોકીક. ૪
હરીના લાલને હરનીશ ભજવા, અતિ લાગ્યું છે તાન,
વહાલા મારો. આજ અલોકીક૦ ૫

પદ ૪ થું. રાગ ઉપર પ્રમાણે.

સામળીયાજી સાન નથી કાંઈ મોકડલાં શીદ લાવો,
મોકડલાં શીદ લાવો. સામળીયાજી (ટેક).

મહી માંખણુના ચોર ધુતારા, લાજ નહીરે લગાર,
વાહાલા મારા. સામળીયાજી૦ ૧
આંગણીએ શું કરવા આવે, નફ્ટ હે નંદલાલ,
વાહાલા મારા. સામળીયાજી. ૨
માંખણુ મક્તનું ચોરી ખાતો, ગાયો તણા ગોવાળ,
વાહાલા મારા. સામળીયાજીજી ૩
ગોપીકા કેહે હે જાને ધુતારા, ચોરી ખાને ઢોર,
વહાલા મારા. સામળીયાજી૦ ૪
હરીનો લાલ હરીરસ લેવા, તલસે છે દીન રાત.
વાહાલા મારા. સામળીયાજી૦ ૫

પદ ૧ લું. ફાગ.

અનીહો ફાગરમે રાધે ગોરી, મુખ બોલે છે હોહોહોરી
હો. ફાગરમે રાધે ગોરી. (એ રાગ).
અની હો કાનકુંવર ખેલે હોરી, સાતી છે રાધા ગોરી હો
કાનકુંવર ખેલે હોરી. (ટેક).
અની હો અબીલને બોત ઉડાવત હે,
ભરી કરમાં ગુલાલકી ઝોળીહો. ફાગરમે૦ ૧
અની હો કુમકુમ કેસર ઘોળીયાં,
રાધાને રંગમાં રોળી હો. કાહાનકુંવર૦ ૨
અની હો રંગ ભરી પીચકારીમાં,
રાધા કો ચીર ભીંજાયો હો. કાહાનકુંવર૦ ૩
અની હો હરીનો લાલ હરનીશ ગાવે,
દરસનથી સુખડાં પાવે હો. કાહાનકુંવર૦ ૪

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

અની હો રંગભેર રજની ફાગ રમે, રમે ગીરધરને ગોરી,
હો. રંગભેર રજની ફાગ રમે. (ટેક)
અની હો ગોકુલ ગામને ગાંદરે,
મોહને મોરલી બજાઈ હો. રંગભેર રજની૦ ૧
અની હો ગીરધરલાલે ઘેલાં કીધાં,
તન મનને ચીતડાં ચોર્યાં હો. રંગભેર૦ ૨
અની હો વાહાલાયે વેણુ વગાડી છે,
જગાડી વ્રીજની નારી હો. રંગભેર૦ ૩
અની હો ગાગર કેસર કુમકુમની,
ફોડીને રંગમાં રોળી હો. રંગભેર૦ ૪
અની હો જાવા દો જુગ જીવનજી,
શું કહું હે નફ્ટ નકારા હો. રંગભેર૦ ૫
અની હો સમરું હું તુજને છોગાળા,
તું હરીના લાલને પ્યારો હો. રંગભેર૦ ૬

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

અની હો કૃશ્ન ઝુલંતા પારણે, ઝુલાવે જસોદા માઈ
હો. કૃશ્ન ઝુલંતા પારણે. (ટેક)
અની હો માતાજી લાડ લડાવત હે,
વાહાલો અનાથ નકો નાથ હો. કૃષ્ણુ૦ ૧
અની હો કંસ કારણે અવતરીઆ,
અવતરીયા જુગલ કીશોર હો. કૃષ્ણુ૦ ૨
અની હો ગોપીકા લાડ લડાવવા,

આવી છે વ્રીજની નારી હો. કૃષ્ણ૦૦
અની હો હરીના લાલને હરનીશ રેહે છે,
તમ દરસન કરવા મોરારી હો. કૃષ્ણ૦ ૪

પદ ૪ થું. રાગ ઉપર પ્રમાણે.

અની હો ફાગુન આવ્યો ફુલંતો, ફુલ્યાં કેસુડાં રંગ રાતે। હો. ફાગુન આવ્યો ફુલંતો (ટેક)
અની હો વસંત રૂતુની રાતલડી,
વાહાલાને લાગે પ્યારી હો. ફાગુણ૦ ૧
અની હો અબીલ ગુલાલ ઘુમર વરસ્યો,
વરસ્યો રંગનો વરસાદ હો. ફાગુણ૦ ૨
અની હો પીચકારી પ્રેમની મારી,
કાંઈ તનડાં લીધાં ચોરી હો. ફાગણ૦ ૩
અની હો હરીનો લાલ દરસન કરવા,
તત્પર છે નાથ મોરારી હો. ફાગણ૦ ૪

પદ ૫ મું થાળ. રાગ ઉપર પ્રમાણે.

અની હો જમવા આવો જીવણજી, પીરસું પકવાનને મેવા હો. જમવા આવો જીવણજી. (ટેક)
અની હો બળભદ્ર વીરને તેડાને,
વનમાળા આવો મોરારી હો. જમવા૦ ૧
અની હો બરફી પેંડા પાપડીઓ,
ચુરમું ઘી ઉપર ધારી હો. જમવા૦ ૨
અની હો શેવો શેવૈયા લાડુ,
પુરણ પોળી ઘીમાં ઝબોળી હો. જમવા૦ ૩

અની હો ખાજાં જલેબી માલપુવા,
વડાં વાટી દાળનાં બનાવ્યાં હો. જમવા૦ ૪
અની હો શાક અથાણાં ને વડીયો,
તળીયાં તીખાં તમતમીયાં હો. જમવા૦ ૫
અની હો સ્વાદ હશે ખાટો ખારો,
કહેજો વાંક હશે કાંઈ મારો હો. જમવા૦ ૬
અની હો આરોગો જદુપતી લાલા,
છો હરીના લાલને વાહાલા હો. જમવા૦ ૭

પદ ૧ લું. રાગ ઘુમાર.

સતી સીતાનું હરણુ હરણુ કીધું હો,
અની હો પ્યારી લલનારે કીધું છે દૂષ્ટ રાવણ. સતી (ટેક)
હરણુ કીધામાં શું ફળ લીધુ, કરીયો કુટુંબનો નાશ બલજાઊ;
દુષ્ટ બુદ્ધિથી દૂકરીત ભાસ્યું, ખોયું છે લંકા કેરૂં રાજ. સ૦ ૧
ઈંદ્રજીત મહા રણમાંરે સુરો, કુંભકરણ બળવાન બલજાઊ;
લક્ષ્મણ સાથે જુધજ રચીયું, ક્ષય પામ્યો ઈંદ્રજીતરાય સ૦ ૨
અતિ જોદ્ધા એણી પેરે માર્યા, ન ઉતર્યો અભિમાન બલજાઊ;
કુંભકરણને પળમાં માર્યો, બાળી છે લંકા હનુમંત વીર. સ૦ ૩
કહેત મંદોદરી સુણો મેરે સ્વામી, રામચંદ્ર ભગવાન બલજાઊ;
અખીલ નિરંજન અધમઊધારણ, નવ કરીએ તેની સંગે વેર. સ. ૪
રામચંદ્રને હું તો મારૂં, લેઊં અવધપુર રાજ બલજાઊ;
નવગ્રહને મેં તાણી બાંધ્યા, વશ કીધા રામનો શો ભાર. સ. ૫
રામચંદ્રજીએ ક્રોધ કરીને, માર્યો રાવણ ભૂપ બલજાઊ;
અંતે મોક્ષ કર્યો રાવણનો, આપ્યું છે વિભિશણને રાજ સ૦ ૬

સતિ સીતાને લેઈને રામજી, આવ્યા અવધપુર માંહી બલજાઉં;
જયજયકાર તે વરત્યો જગતમાં, ગુણ ગાયે હરીનો તે લાલ. સ. ૭

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

વીર બજરંગ બેલી બેલી આવ્યો હો, અની હો પ્યારી લલનારે;
જીતવાને કુંભકરણ ભૂપ, વીર બજરંગ બેલી. (ટેક)
સામાસામી જુધ મંડાયું, કુંભકરણ હનુમંત બલજાઊં;
બજરંગ બેલીએ ગદારે ગ્રહી છે, કુંભકરણે ગદાને આયુધ વી. ૧
એક એકને ત્યા પ્રહાર કરે છે, મહા બલીયા રણધીર બલજાઊં;
વીર હાક વગાડી રણમાં. નવ ડરીયો કુંભકરણ રાય. વી. ૨
ક્રોધ ચડ્યો વીર બજરંગ બેલી, ગદા ગ્રહી છે હાથ બલજાઉં;
કંદર કુંભને મુસ્તકે મારી, માર્યો છે મહાબળીયો રણધીર. વી. ૩
રઘુવીરને અતિ આનંદ ભયો છે, ધન ધન ધન હનમંત બલજાઉં
ચરણુંજી તું તો દાસ અમારો, ગુણ ગાયે હરીનો તે લાલ. વી ૪

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

માહાકાળી દેવી જગત જનુની હો, અની હો પ્યારી લલનારે:
રેહુછે તે પાવાગઢ માંહ્ય, માહાકાળી દેવી જગત જનુની હો. (ટેક)
કવીરે કાળીદાસને તું પરસન્ન છે, રક્ષા કરો મમ્માય બલજાઉં;
કાળીદાસનું માન વધારયું, વધારયું નવ ખંડે નામ. મા. ૧
સાહ્ય તું કરજે સૌને દેવી, દેવતાયે તને સેવી બલજાઉં;
પરથમ પેહેલી સમરૂં તુંનેરે, સમરૂં હું દિવસને રાત. મા. ૨
અંબે બહુચર માહાકાળીને, દક્ષીણ તુળજા માત બલજાઉં;
ચોસઠ જોગણી રક્ષા કરજો, કરજો આ સેવકને સહાય. મા. ૩
હરીનો લાલ હરનીશ ગુણ ગાવે, કરગરતો કંગાલ બલજાઉં;
શરણાંગત આપો મંમાયા, આપોને ચરણામાં વાસ. મા. ૪

ધુમાર ૪ થી. રાગ ઉપર પ્રમાણે.

કાંહાન રાધીકા ખેલે ખેલે હોરી હો, અની હો પ્યારી લલનારે;
ખેલે છે નંદાજીકો લાલ, કાંહાન રાધીકા ખેલે ખેલે હોરી હો. (ટેક)
ગોપીકા ખેલે ગોવાળીના ખેલે, ખેલત ખેલ મચાઈ બલજાઉ;
ગુણપર મોરલીને કહાન ખેલંત હે, ખેલે છે નંદાજીકો લાલ. ૧
વંદ્રાવનમાં રાસ રચ્યો હે, જુમનાજી કે તીર બલજાઊં;
અબીલ ગુલાલે રંગમાં ઘેર્યા, ઘેર્યા છે નંદાજીકો લાલ. ક. ૨
એક એકને તાકીને મારે, પીચકારીના માર બલજાઊં;
રાધીકાને રંગમાં રોળતાં, ગેળે છે નંદાજીકો લાલ. ક. ૩
હાંગા કરો હવે કુંવર કનઈઆ, જવા દો બીજ નાર બલહારીઓ;
હરીનો લાલ શરણાગત રાખો, રાખોને નંદાજીના લાલ. ક. ૪

ધુમાર ૫ મી. રાગ ઉપર પ્રમાણે.

જુમનાજીમાંથી કાળી નાથ્યો હો, અની હો પ્યારી લલનારે;
નાથ્યો છે કાળા તે કાંહાન, જુમનાજીમાંથી કાળી નાથ્યો હો (ટેક)
નાગણીઓ કાલાવાલા કરે છે, પ્રભુને લાગી પાય બલજાઊં;
સ્યામ સુંદર વર શાંભળોરે, જુવે છે વાટ જશોદા માય. જુ. ૧
શાને કારણ તું તો આંહી આવ્યો, બાર વરસના બાલ બલજાઊં
કાળી નાગ જો જાગશેરે, કરશે તે નાગ તારો કાળ. જુ. ૨
કાળ શું કરશે હું કાળના સ્વામી, સકળ જગતનો નાથ બલજાઊં;
એક ઘડીમાં પકડી જાઉં, બાંધીને તેને મારી સાથ. જુ. ૩
બોલ સુણીને કાળી જાગ્યો, કરવા રણસંગ્રામ બલજાઉં;
ફેણુ તણા ફુંફવાડા માર્યા, થયા છે કાંહાન તે સ્યામ. જુ. ૪
ગેડી પ્રહાર કર્યો પ્રભુએ, ફેણ ઉપર નિરધાર બલજાઉં;
કાળી નાગને પકડી નાથ્યો, નથ લાગી ઘડી એક વાર. જુ. ૫

નાગણી પ્રભુને પાયે લાગી, છોડો નાગ ઘનશ્યામ બલજાઉ;
હરીનો લાલ કરગરી કેહેછે, કરોને નાગણી કેરૂ કામ, જુ ૬

રાગ કાફી.

તરીયા હરસાગો બીરાની. (એ રાગ).
રઘુવર ખેલે છે હોરી. ખેલે છે હોરી ખેલે છે હોરી.
રઘુવર ખેલે છે હોરી. (ટેક),
ખેલે છે હોરી કાહાંન ગોપી મીલકે, ગોકુળ ગામની ગલીઓ;
એક એકને મારે પીચકારી, તો ધુમ મચી અતિ ભારી,
એવા પ્રભુ શ્યામ દુલારી. રઘુવર ખેલે છે. ૧
ગાવતુ ગીત નાચતહૈ નારી, રાસ લીલા તો રચાવી,
તાલ પખાજ ઝાંઝ ડફ વાજે, તો શોભા બની બહુ સારી,
એવા પ્રભુ શ્યામ દુલારી. રઘુવર ખેલે છે હોરી. ૨
હુન કરી બહુ અબીન ઉડાવે. ગુલાલ બારી કર ઝોરી,
નાચે છે સૌ ગોપી સાગના, કાહાન કુંવર અટારી,
એવા પ્રભુ શ્યામ દુલારી. રઘુવર ખેલે છે હોરી. ૩
ગોકુળ ગામને ધન્ય ધન્ય છે, જ્યાં રઘુવર રમીયા હોરી,
હરીના લાલની એવી વિનંતિ, તો ધ્યાને ધરો ગીરધારી,
એવા પ્રભુ શ્યામ દુલારી. રઘુવર ખેલે છે હોરી. ૪

કાફી. રાગ ઉપર પ્રમાણે.

વ્રજવાસીએ ધુમ મચાઈ, ધુમ મચાઈ ધુમ મચાઈ,
વ્રજવાસીએ ધુમ મચાઈ. (ટેક.)
કાનુડો કપટી હોરી ખેલે છે, ખેલત ખેલ મચાઈ,
ત્રાસા ત્રાસ કરે વ્રિજ નારી, તો કહીશું જસોદામાઈ,
મારે પીચકારીઓ ધાઈ. વ્રીજવાશીએ. ૧

તાણીને પીચકારી મારે, કેસર રંગ ભરેલી,
તાકીને તનડામાં મારે તો, મારે ઘુંઘટડો સાહી,
કેસર રંગ મુખ પરવાઈ, વ્રજનારીને ૨
અબીલ ગુલાલ લાલની લેહેરો, થાકી ગઈ વ્રજનારી,
પાંચ ગોપીકા મળી કાનને ઘેર્યા, તો ઘેર્યા ગલ્લતવ્યાંના માંહી,
આવ્યાં જસોદા માઈ. વ્રજનારી. ૩
આવતાં દેખી કાહાન સંતાડ્યો, પૂછે જસોદા માઈ,
ક્યારે ગયો મારો કુવર કનૈયો. તો ખબર કરૂ ક્યાં જઈ,
ઉત્તર કેમ નવ દો કોઈ. વ્રજનારીને. ૪
જસોદા માઈઆગે જોર કરીને, ઝલ્યો નટવર નાનો,
હરીના લાલને ચરણ કમળમાં, તો રાખ્યાને કર સાહી,
ખુશી થયાં જસોદા માઈ. વ્રજનારીને ૫

રાગ ઉપર પ્રમાણે.

જગત જનુની ખેલે છે હોરી, ખેલે છે હોરી ખેલે છે હોરી,
જગત જનુની ખેલે છે હોરી. (ટેક).

ખેલે છે હોરી ગબરગોખ જોડી, કરમાં ગુલાલકી ઝોળી;
દેવ જોવા વૈમાન ચડે છે, તો શોભા બની બહુ સારી;
ચાચર ચોક અંબે માઈ. જગત જનુની. ૧

ચુંવાળ ચોકમેં બહુચર આઈ, બટુક ભેરવને લાઈ;
પાવાગઢસેં પોકારા કરતી, તો આઈ કાળીકા માઈ,
ચાચર ચોક ખેલવા બાઈ. જગત જનુની. ૨
દક્ષીણથી દેવી તુળજા ભવાની, આઈ આરાસુર માહી,
ચોસઠ જોગણી ખેલે ચોકમાં; તો ખેલે દુરગામાઈ;
ચીપો દેવલોક વધાઈ. જગત જનુની. ૩

હરીના લાલને છો અતિ પ્યારા, કરો નયણુથી ન્યારા,
સમરણુ સેવક કરત તમારૂં, તે દુઃખ કાપોને અમારૂં
અલોકીક રૂપ તમારૂં. જગત જનુની. ૪

રાગ ઉપર પ્રમાણે.

મારૂં મન માયાએ હરીયું, માયાએ હરીયું માયાએ હરીયું.
મારૂં મન માયાએ હરીયું. (ટેક).
ઈંદ્રનું હરીયું ને દેવોનું હરીયું, હરીયું બ્રહ્માનું બ્રહ્માણી,
માહાદેવજીનું પારવતીએ હરીયું, તો એવી છે માયા ધુતારી
તેને મુકાને વીસારી. મારૂં મન માયાએ. ૧,
માહાદેવ માહા બળવાન સમાધી. જેને નથી બીજુ કોઇ,
ભીલડી જાત થકી ભોળવાણા, તો એવી છે માયા ધુતારી,
તેને મુકાને વીસારી. મારૂં મન માયાએ. ૨
ભસ્માસુર દઈત તપ કરે છે, શીવશંકર પ્રસન્ન,
માગ માગ વરદાન હું આપું, તો કંકણુ આપો ઉતારી,
એવી માયા છે ધુતારી. મારૂં મન માયાએ. ૩
શંકર પાછળ દઈત પડ્યો છે, પારવતીને માટે,
માહાદેવ મારી પારવતી લેવા, તો દીશા ફર્યો ચાર સારી;
એવી માયા છે ધુતારી. મારૂં મન માયા. ૪
ચાર દિશામાં કોઈએ ન રાખ્યા, રાખ્યા છે કૃષ્ણ ગોપાળ,
દૈતને મારીને કંકણુ લાવ્યા, હરીના લાલ કહે મોરારી,
એવી માયા છે ધુતારી. મારૂં મન માયાએ ૫

રાગ ઉપર પ્રમાણે.

વીઠલ પર જમવાને આવો, જમવાને આવો જમવાને આવો
વીઠલવર જમવાને આવો. (ટેક).

જમવાને આવો ગોપીકાનો ભાવો, રસોઈ બનાવી રસાળી,
નાહિ ધોઈ પીતાંબર પેહેરી, તો આવો ગોકુળ ગીરધારી,
જમો જાઉં જીવણવારી. વીઠલ વર જમવા. ૧
રોટલી તાંદળજાની ભાજી, પુરી બનાવી છે તાજી,
કુર કમોદતણો અતિ સુંદર, શેવો જમો સ્વાદ ભારી,
જમો જાઉં જીવણવારી. વીટલવર જમવા. ૨
પકવાન પાક બન્યો અતિ રૂડો, લાડુ જલેબી મેવા,
રગડરૂડાનો શો સ્વાદજ કહીએ, આગેગે શ્રી મોગારી,
જમો જાઉં જીવણવારી. વીઠલવર જમવા. ૩
અનેક જાતની રસોઈ બનાવી, ગણતાં ન પામું પાર,
અક્ષય પાત્ર પ્રભુજીએ આપ્યું, તો રસોઈ થઈ છે તૈયારી,
જમો જાઉં જીવણવારી. વીઠલવર જમવા. ૪
વીઠલવર તો થાળ જમે છે, હરીનો લાલ ગુણ ગાવે,
પ્રસાદ આપોને દુઃખડાંરે કાપો, તો કાપોને કષ્ટ નીવારી.
જમો જાઉં જીવણવારી, વીઠલવર જમવા. ૫

રાગ હોરી.

મત ડારો પીચકારીરે. મેં તો સઘળી ભીંજ ગઈ, (એ રાગ
મતરે ઉડાવો ગુલાલરે. મારી આંખો બળતહે,
હોહો ભલા મારી આંખો બળતહે, મતરે ઉડાવો ગુલાલ. (ટેક)
લાલ ગુલાલે તો ઘેલાં કીધાંરે, ઘેલી કીધી વ્રીજ નારીરે,
મારી આંખો બળતહે. મત ડારો. ૧
કેસર ભરી પીચકારી મારીરે, ભીંજાઇ ગયાં મારાં ચીરરે,
મારી આંખો બળતહે. મત ડારો. ૨

અમ અબળાની અરજો સુણોરે, ક્ષમા કરો થાકી નાથરે,
મારી આંખો બળતહે. મત ડારો ૩
હરીનો લાલ કહે અંતરજામી, ભક્તના બેલી ભગવાનરે,
મારી આંખો બળતહે. મત ડારો. ૪

રાગ ઉપર પ્રમાણે.

મતરે ઉડાવે તું પાણીરે. કાનુડારે દાણી, હો હો ભલા મતરે:
નિરધન જાતી ગુલાલ મળે નહિં સાધું દીઠું છે તે પાણીરે,
કાનુડારે દાણી. મતરે ઉડાવે. ૧
કેસર કુમ કુમ ગોળ કેસરીઆ, રમતા હું રંગ માણીરે.
કાંનુડારે દાણી. મતરે ઉડાવે તું પાણી. ૨
ગુલાલ કેરા ગોટ ઉડાવ્યા, આંખો થઈ ગઇ કાણીરે,
કાનુડારે દાણી. મતરે ઉડાવે તું પાણી. ૩
હરીનો લાલ હરનીશ કેહે છે. કરજો તે નિરમળ વાણીરે,
કાનુંડારે દાણી. મતરે ઉડાવે તું પાણી. ૪

રાગ ઉપરનો.

મતરે ઊડાવે ગુલાલરે, પીચકારીરે મારી હો હોભલા. મતરે.
ગુલાલે ઘેર્યાં ને રંગમાં રોળ્યાં, અમે ગોકુળની નારીરે,
પીચકારીરે મારી. મતરે ઉડાવે૦ ૧
તાણીને પીચકારી મારીરે, જેમ તનડામાં વાગે તીરરે,
પીચકારીરે મારી. મતરે ઉડાવે૦ ૨
કેસર કુમકુમ ગાગર ઘોળી, ગોપીને રંગમાં રોળીરે,
પીચકારીરે મારી. મતરે ઊડાવે૦ ૩

બરવાડ જાતિ તું કપટીરે કહાવે, ગોપીકા મનની ભોળીરે;
પીચકારીરે મારી. મતરે ઉડાવે૦ ૪
કપટી કાનુડા કરૂણા કરજે, થાકી કૃપા કરો મારા નાથરે,
પીચકારી મારીરે. મતરે ઉડાવે૦ ૫
હરીના લાલની આ નમ્ર વિનતિ, ધરજો પ્રભુજી કાનરે,
પીચકારીરે મારી. મતરે ઉડાવે૦ ૬

રાગ ઉપર પ્રમાણે.

સ્યામ સુંદર મારા નાથરે, મુખ પ્યારાં લગત હે,
હો હો ભલા સ્યામ સુંદર. (એ રાગ)
પ્યારાં દીસત હે સુખડાં કરત હે, મુખડાં હે લાલ ગુલાલરે,
મુખ પ્યારાં લગત હે. સ્યામ સુંદર૦ ૧
ગોકુળ ગામને ગાંદરેરે, બરસત મેઘ ગુલાલરે,
મુખ પ્યારાં લગત હે. સ્યામ સુંદર૦ ૨
પાયે પાવડી પીતાંબર સોહીયે, કંઠે મોતીના હારરે,
મુખ પ્યારાં લગત હે. સ્યામ સુંદર૦ ૩
કટિ સુત્રને હાર હીરાનો, નમન કરું મારા નાથરે,
મુખ પ્યારાં લગત હે, સ્યામ સુંદર૦ ૪
સાહ્ય કરો પ્રભુ સાહ્ય કરોરે, ગોપી થાકી મારા નાથરે,
મુખ પ્યારાં લગત હે. સ્યામ સુંદર૦ ૫
હરીનો લાલ ગીરધારી ભજત હે, તમે કૃપા કરો ગોપીનાથરે,
મુખ પ્યારાં લગત હે. સ્યામ સુંદર૦ ૬

રાગ ઉપર પ્રમાણે.

આરોગો નંદલાલરે, ફાગુણના ફગુવા હોહો ભલા,
ફાગુણના ફગુવા, આરોગો નંદલાલરે. (ટેક).

માળી વણઝારની ધાણી શેકાવું, ધણીનો ધરાવુંછું પુંખરે;
ફાગુણનારે ફગુવા, આરોગો નંદલાલરે. ૧
ધઉંરે ભગાવીને પોળી બનાવી, કંસાર સીરોને કચોરીરે;
ફાગુણનારે ફગુવા, આરોગો નંદલાલરે. ૨
દાળ ભાત વળી શાક ઘણેરાં, પાપડ અથાણાં છે સારરે;
ફાગુણનારે ફગુવા, આરોગો નંદલાલરે. ૩
રસોઈ બનાવીતી બત્રીસો, તેતરાસાં પીરસ્યા શાકરે;
ફાગુણનારે ફગુવા, આરોગો નંદલાલરે. ૪
જે જોઈએ તે માગીરે લેજો, ભુલ ચુક માહા દેજોરે;
ફાગુણનારે ફગુવા, આરોગો નંદલાલરે. ૫
હરીના લાલને પ્રસાદ આપો, ભવ સિંધુથી ઉગારોરે;
ફાગુણનારે ફગુવા, આરોગો નંદલાલરે. ૬

હોરી.

હાંરે વાલા ગોકુળ ગામ ગાંદરે રંગમાચ્યો (એ રાગ).

હાંરે વાલા વેણુ વગાડીરે વીઠલે વશ કીધાં, હાંરે વશ કીધાં
હાંરે વશ કીધાંરે વશ કીધાં, હાંરે ગોપીને ગોવાળ.
વેણુ વગાડી વીઠલે વશ કીધાં. ૧
હાંરે વાલા મહીની મટુકી ફુટશે, વહુવાર, હાંરે વહુવાર. (૨)
હાંરે ખાશો મુખરે ગાળ, વેણુ વગાડીરે વીઠલે. ૨
હાંરે વાલા ગાળ ન દેઈશ તું ગોપીકા જનવાદું હારે જનવાદું. (૨
હાંરે જાણીને રેનાર, વેણુ વગાડીરે વીઠલે. ૩
હાંરે વાલા મોરલી ઝાલીરે તુને ગારશું વહુવાર. હાંરે વહુવાર
હાંરે કહીશું વ્રજ માત, વેણુ વગાડીરે વીઠલે, ૪

હાંરે વાલી દાન દેતીજા ગોપીકા તુને જાણું, હાંરે તુને જાણું;
હાંરે તું છે મથુરાની નાર, વેણુ વગાડીરે વીઠલે. ૫
હાંરે વાલા દાણુ ન આપું તુંજને તું છે કાળો હાંરે તું છે કાળો;
હાંરે ગાયોનો ગોવાળ, વેણુ વગાડીરે વીઠલે,
હાંરે વાલા હરીનાલાલનો સ્વામી શામળે દંડ દીધો હાંરે દંડ. ૨
હાંરે લીધું બમણુંરે દાણુ, વેણુ વગાડી. ૭

રાગ ઉપર પ્રમાણે.

હાંરે વાલા રામ સીતાનુંરે જોડલું અતિ શોભે, હાંરે અતિ શોભે; હાંરે અતિ શોભેરે અતિ શોભે, હાંરે ચંદ્ર સૂર્ય આકાશ રામ સીતાનુંરે જોડલું અતિ શોભે. ૧

હાંરે વાલા રાવણુ જીતી રામજી તોરે આવ્યા, હાંરે રામ આવ્યા (૨) હાંરે લક્ષ્મણુ સીતા નાર. રામસીતાનું૰ ૨
હાંરે વાલા વાગ્યારે ડંકા જીતના નવ ખંડ. હાંરે નવ ખંડે (૨) હાંરે અતિ આનંદ ઉર. રામસીતાનું૰ ૨

હાંરે વાલા રાજ્યાસને બીરાજ્યા સુભ દીવસે.
હાંરે સુભ દિવસે (૨) હાંરે આપ્યાં વિધ વિધ દાન. રા૰ ૪

હાંરે વાલા ખુશ થઈ હાર ઘાલીયો હનુમંતને, હાંરે હનુમંતને (૨) હાંરે લાવ્યા સિતાની શુદ્ધ. રામસીતા૰ ૫
હાંરે વાલા હનુમંતે હીરા ફોડીઆ ફોગટના. હાંરે ફોગટના (૨) હાંરે રામ વીના શું કામ. રામસીતા૰ ૬
હાંરે વાલા હરખ થયો છે માતને કૌશલ્યા. હાંરે કૌશલ્યા (૨) હાંરે કેહે છે હરીનોરે લાલ. રામસીતા૰ ૭

રાગ ઉપર પ્રમાણે.

હાંરે વાલા રામરસીલારે બંધવા. લક્ષ્મણજી. હાંરે લક્ષ્મણ
હાંરે લક્ષ્મણજીરે લક્ષ્મણજી, હાંરે મારા હૈયાના હાર,
રામ રસીલારે બંધવા લક્ષ્મણજી. ૧
હાંરે વાલા મરગો મારવા કારણે ત્યાંથી ચાલ્યા. હાંરે ત્યાં
થી ચાલ્યારે (૨) હાંરે કરવા કંચુકી કાજ. રામ૦ ૨
હાંરે વાલા સુની મઢી જોઈ રાવણ ત્યાં આવ્યો,
હાંરે ત્યાં આવ્યોરે (૨) હાંરે હર્યાં જનક કુમાર રામ૦ ૩
હાંરે વાલા રામને લક્ષ્મણ આવીયા વનમાંથી,
હાંરે વનમાંથીરે (૨) હાંરે સુની મઢી ભગે કાગ. રામ૦ ૪
હાંરે વાલા સીતાની શુદ્ધ લેવી બંધવા હનુમંતની,
હાંરે હનુમંતનીરે (૨) હાંરે દુષ્ટ હરવાને કાજ. રામ૦ ૫
હાંરે વાલા હરીનો લાલ ગુણ ગાય છે હનુમંતા,
હાંરે હનુમંતારે હનુમંતા. હાંરે કરવાને સંગ્રામ. રામ૦ ૬

રાગ ઉપર પ્રમાણે.

હાંરે વાલા અષ્ટભુજાની દેવી અંબીકા, મુખચંદ્ર;
હાંરે મુખચંદ્રરે મુખચંદ્ર. હાંરે કોટી સુરજનું તેજ. અ ૧
હાંરે વાલા હસ્તે ત્રીશુળ શોભતું, ત્રણ ધારૂં;
હાંરે ત્રણ ધારૂંરે ત્રણ ધારૂં, હાંરે બીજે ધનુષ્યને બાણ. અ, ૨
હાંરે વાલા ત્રીજેરે ફરશી શોભતિ, જગત જનુની;
હાંરે જગત જનુનીરે (૨) હાંરે ચોથે ભાલાના માર. અ. ૩
હાંરે વાલા પાંચમે તે ઢાલ શોભતી, રૂપવંતી;
હાંરે રૂપવંતી (૨) હાંરે છઠે ખડગ ખેંચાય. અ. ૪

હારે વાલા સાતમે કટારી આંકડી ધારણી;
હારે ધારણીરે, (૨) હારે આઠમે કેસરી લગામ. અ. ૫
હારે વાલા હરીનાલાલનીરે વિનતિ ધ્યાને ધરજો;
હારે ધ્યાને ધરજો (૨) હારે કરજો ધાર્યાં કામ. અ. ૬

રાગ ઉપર પ્રમાણે.

હારે વાલા જગત જનુની દેવી અંબીકાને આરાધું હારે આરાધું
હારે આરાધુંરે આરાધું. હારે શુભ દીવશને રાત;
જગત જનુની દેવી અંબીકાને આરાધું. ૧
હારે વાલા આંધલાને અંખીયાં આપતી મમતા;
હારે મા માતારે (૨) હારે પંગુનેરે પાય જગત૦ ૨
હારે વાલા દુઃખ આવે દેવી અંબીકા, વાહારે ધાજો;
હારે વાહારે ધાજોરે (૨) હારે કરો શત્રુનો સંહાર જગત૦ ૩
હારે વાલા હરીનોલાલ ગુણ ગાય છે હે ગૌરી;
હારે મેયા ગૌરીરે (૨) હારે રાખ્યો રદિયા મોઝાર જગત૦ ૪

રાગ હોરી.

શીવશંકર ખેલે છે હોરીરે, શીવશંકર. (એ રાગ).
કાંન રાધીકા ખેલે છે હોરીરે, કાંન રાધીકા.
રાધીકા ખેલે ગોવાળીયા ખેલે, ખેલે છે વ્રિજનારી.
તપ કરતા શંકરજી ખેલે, તો બ્રાહ્મા, હારે લાલ બ્રહ્માની,
ઇંતરી સમાધી, ગોવાળીયા ખેલે અની હો ગોપીકારે ખેલે.
ખેલે છે વ્રીજ નારરે, કાંન રાધીકા ખેલે છે હોરી,
ગણપત ખેલેને બજરંગ ખેલે, ખેલ મચ્યો અતિ ભારી:
ચોસઠ જોગણી ખેલે ચોકમાં તો, ખેલે બ્રહ્માને બ્રહ્માણી.

ગોવાળીયા ખેલે અની હો ગોપીકા ખેલે, ખે૦ ૨
ફાગણ માસને ફુલે વધાવો, ને ઘેર ઘેર ઓચ્છવ થાય,
સો સોના મંદીરમાંરે ખેલે, તો ખેલકી ધુમ મચાઈ.
ગોવાળીયા ખેલે, અની હો ગોપીકા ખેલે, ખે૦ ૩
કાનુડો કપટી હોરી ખેલે છે, ખેલે છે વ્રજવાશી;
હરીના લાલને ચરણમાં રાખો, તો રખો પોતાનો જાણી;
ગોવાળીયા ખેલે, અની હો ગોપીકા ખેલે. ખે૦ ૪

રાગ ઉપર પ્રમાણે.

રામ લક્ષ્મણ ખેલે છે હોરીરે, રામ લક્ષ્મણ
રામજી ખેલે ને હનુમંત ખેલે, ઓર ખેલે ગણપત ગાઈ;
લક્ષ્મણ ખેલે અતિ ઉછરંગે, તો ખેલે જાનકીજી માઈ;
રઘુવર ખેલે અની હો સીતાપતિ ખેલે, ખેલે છે ઘનસ્યામરે;
રામ લક્ષ્મણ ખેલે છે હોરીરે. રામ૦ ૧
ભરતજી ખેલે શત્રુઘ્ન ખેલે, ખેલકી ધુમ મચાઈ;
ઇંદ્રરાય વૈમાન બેઠકે, તો પુષ્પકી વૃષ્ટિ કરાઈ;
રઘુવર ખેલે, અની હો સીતાપતી ખેલે;
ખેલે છે ઘનસ્યામરે. રામ૦ ૨
અયોધ્યા નગરમેં હોરી ખેલત હે, બ્રહ્માજી આવ્યા ધાઈ;
તાલ પખાજ ઝાંઝ ઝમકારો, તો પોચી સ્વર્ગમાં વધાઈ;
રઘુવર ખેલે, અની હો સીતાપતી ખેલે;
ખેલે છે ઘનસ્યામરે. રામ૦ ૩
રૂષિ મંડળ સબ સમાધી છોડકે, આવે અયોધ્યા માંહી;
રામ લક્ષ્મણકું આશિષ દેકે, જયજયકાર સુનાઈ;

રઘુવર ખેલે, અની હો સીતાપતી ખેલે;
ખેલે છે ઘનશ્યામરે. રામ૦ ૪
ફાગુણ માસને ફુલડે વધાવો, હોરી ખેલે જદુરાય;
નિત નિત નૌતમ રૂપ કરત હે, તો હરીનો લાલ ગુણ ગાય;
રઘુવર ખેલે, અની હો સીતાપતિ ખેલે;
ખેલે છે ઘનશ્યામરે. રામ૦ ૫

રાગ ઉપર પ્રમાણે.

શીવશંકરે ધુમ મચાઈરે શીવ શંકરે,
ધુમ મચાઈને હોરી ખેલાઈ, અંગે ભભુત લગાઈ;
સાપ વિંછુ સબ હેરે ડારકે, તોડાકે ડમરૂ બજાઈ.
ભોળા શંભૂ ગાવે, અની હો તાલ તો બજાવે.
અની હો મારે મન ભાવે ઘેલા થઈ ગીરધારીરે;
શીવશંકરે ધુમ મચાઈરે શીવશંકર. ઘે૦ ૧
કૈલાસવાસીને વસીયા કાસી, ગંગા જમુનાતીરે,
આકધંતુરો હાડકાનીરે માળા, તો ભોગ રૂડી શરીરે;
ભોળા શંભૂ ગાવે, અની હો તાલ તો બજાવે. ઘેલા૦ ૨
નદી ભ્રંગીગણ સીંગુ બજાવે, શંખ નાદ અતિ પ્યારા,
મુખસેં બજાવત તાળી પડત હે, તો ગાવે ફાગ બહુ સારા;
ભોળા શંભુ ગાવે, અની હો તાલતો બજાવે. ઘેલા૦ ૩
હરીનાલાલ હરનીશ ગુણ ગાવે શંકર શીશ નમાવી,
કરગરીને કરૂણા રસ માગે, તો આપોને શીવ મોરારી;
ભોળા શંભુ ગાવે, અની હો તાલતો બજાવે. ઘેલા૦ ૪

રાગ ઉપર પ્રમાણે.

આજ આનંદ ઉર અપારરે, આજ આનંદ,
આનંદ ઓછવ નંદતણા ઘેર, થાય ગીતને ગાન:
જસોદાજી કુક્ષે રતન પ્રગટશે, તો પ્રગટે જદુપતિરાય.
પારણીયે પોઢાવે, અની હો જસોદા ઝુલાવે,
અની હો લાડનો લડાવે, હૈયે હરખ ન માયરે. આજ૦ ૧
શ્રાવણ માસ સોહામણોરે, આવ્યો અમારે કાજ,
નટવર ઝુલે પારણેરે, તો ઝુલે છે જગરાજ;
પારણીયે પોઢાવે, અની હો જસોદા ઝુલાવે.
અની હો લાડ તો લડાવે, હૈયે હરખ ન માયરે. આજ૦ ૨
દેવતા આવી સ્તુતિ કરતહે, ગાંધર્વ ગીતા ગાય,
ઋષિ સર્વે આસિર્વાદ દેતા, તો ઉતરી સમાધી ધ્યાય;
પારણીયે પોઢાવે, અની હો જસોદા ઝુલાવે;
અની હો લાડનો લડાવે, હૈયે હરખ ન માયરે આજ૦ ૩
ઈન્દ્ર ઈન્દ્રાસન છોડકે આયે, વૈમાન કરી અસવારી,
શંકર ભૂત ભૈરવની ટોળી, તો લેઈ આવ્યા શ્રી મોરારી;
પારણીયે પોઢાવે, અની હો જસોદા ઝુલાવે,
અની હો લાડતો લડાવે, હૈયે હરખ ન માયરે આજ૦ ૪
કાનકુંવરકું દ્રષ્ટે દેખકે, હરખે જસોમતિ માઈ;
નવખંડ ને ત્રણ લોકમાં, તો સ્વર્ગે પોચી વધાઈ;
પારણીયે પોઢાવે અની હો જસોદા ઝુલાવે;
અની હો લાડ તો લડાવે, હૈયે હરખ ન માયરે આ૦ ૫
ગૌ બ્રાહ્મણને રૂષી જનોની, વાહારે ચડવા નાથ;

હરીનો લાલ પોતાના જાણી, તો ભારે બીડાવે બાથ;
પારણીયે પોડાવે, અની હો જસોદા જુલાવે;
અની હો લાલનો લડાવે, હીરો હરખ ન માંયરે. આ૦ ૬

રાગ હોરી.

હરી રસમાં તો ખેલે છે હોરી, પ્રભુ રસમાં તો ખેલેછે હોરી.(રાગ)
શંકર સરીખા ખેલે છે હોરી, શંભુ સરીખા ખેલે છે હોરી:
હાંરે વાલા ડાક ઝાંઝ ડફ વાજે, હાંરે તેના ઘોર શબ્દ અતિ ગાજે:
હાંરે રંગ રોળી, ભાંગની ગોળી, ગુલાલની ઝોળી શંકર૦ ૧
હાંરે વાલા કેસર ગાગર ઘોળી, હાંરે તેથી ભીનતયાં ચારને ચોળી;
હાંરે રંગ રોળી, ભાંગની ગોળી, ગુલાલની ઝોળી. શંકર૦ ૨
હાંરે વાલા થેઈ થેઈ થેઈ નાચે, હાંરે વાલા ભુતને ભૈરવ ગાજે;
હાંરે રંગ રોળી, ભાંગની ગોળી, ગુલાલની ઝોળી. શંકર૦ ૩
હાંરે વાલા નંદી ભ્રંગી ગણ ભારે, હાંરે ત્યાં તો સંખને સીંગુ બજાવે:
હાંરે રંગ રોળી, ભાંગની ગોળી, ગુલાલની ઝોળી. શંકર૦ ૪
હાંરે વાલા શંકર સૌમાં ન્યારા, હાંરે વાલા હરીના લાલને પ્યારા
હાંરે રંગ રોળી, ભાંગની ગોળી, ગુલાલની ઝોળી. શંકર૦ ૫

રાગ ઉપર પ્રમાણે,

કાનકુંવર ખેલત હોરી, નંદકુંવર રસ ખેલત હોરી;
હાંરે વાલા ગોકુળ ગામની ગલીયે, હાંરે વાલા ચાલોને ગોપીકા મળીયે;
હાંરે રંગ રમીયે, એકાંતે જમીયે, વનોવન ભમીયે;
કુંકારા ખમીયે, કાહાનને ગમીયે. કાહાન૦ ૧
હાંરે વાલા ગુન્હા અમારા કેહેજો, હાંરે વાલા કરૂણામય રસ દેજો;
હાંરે રંગ રમીયે, એકાંતે જમીયે, કાહાનને ગમીયે. કાહાન૦ ૨

હાંરે વાલા હાથુનાં હાપાં લેતા, હાંરે વાલા તેનું દુઃખ અમે સેહેતા
હાંરે રંગ રમીએ, એકાંતે જમીએ, કાહાનને ગમીએ. કાહાન૦ ૩
હાંરે લાજ નથીરે કાહાનુડા કાળા, હાંરે હાથ મુકોરે મોરલીવો વાળા
હાંરે રંગ રમીયે, એકાંતે જમીયે, કાહાનને ગમીએ. કાહાન૦ ૪
હાંરે વાલા હરીના લાલ અતી પ્યારા, હાંરે તેને કરો ન નયણેથી ન્યારા
હાંરે રંગ રમીએ, એકાંતે જમીએ, કાહાનને ગમીએ. કાહાન૦ ૫

રાગ ઉપર પ્રમાણે.

હાંરાણ રામને રણમાં રોળ્યો, અસુરી રામને રણમાં રોળ્યો.
હાંરે વાલા લક્ષ્મણ જુધે ચડીયા. હાંરે એતો ઈંદ્રજીત સંગ લડીયા,
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા. રા૦ ૧
હાંરે વાલા ઈંદ્રજીતને હરાવ્યા, હાંરે લક્ષ્મણજીએ માથા ભરાવ્યા;
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા રા૦ ૨
હાંરે વાલા કહે મંદોદરી રાણી, હાંરે નમો રામને ટેક તજાણી
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા રા૦ ૩
હાંરે વાલા નમોરે શ્રીરામને નરણે, હાંરે જાઓ કૃપાનાથને શરણે:
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા. રા૦ ૪
હાંરે વાલા માન્યું નહિં જુધ ચડીયો, હાંરે એતો ચડતા પેહેલો પડીયો
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા. રા૦ ૫
હાંરે વાલા રાવણ રામને મારી, હાંરે જશ પામ્યા ગોવરધન ધારી;
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા. રા૦ ૬
હાંરે વાલા હરીના લાલ ગુણ ગાવે, હાંરે રામ નામથી વૈકુંઠ જાવે;
હાંરે જુધ રચવા, રાવણ માંડ્યો સજવા, અભિમાન તજવા. રા૦ ૭

રાગ ઉપર પ્રમાણે.

રાવણ મારી લંકગઢ લીધો, અસુરીને મારી લંકાગઢ લીધો;

લંકેશ મારી લંકાગઢ લીધો.
હાંરે વાલા જગમાં જશતો સ્થાપી, હાંરે રાજ વિભિષણને આપી;
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો; વૈકુંઠને પામ્યો. રા.
હાંરે વાલા ભક્ત વિભિષણ ભાવ્યા, હાંરે રાજ સુંપી અયોધ્યે આવ્યા?
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો; વૈકુંઠને પામ્યો. રા. ૨
હાંરે વાલા રામ પધારે જાણી, હાંરે માતા કૌશલ્યા સુખમાણી
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો; વૈકુંઠને પામ્યો રા. ૩
હાંરે થાળ મોતીનો ભરીને લાવ્યા, હાંરે સીતા રામ લક્ષ્મણને વધાવ્યા,
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો, વૈકુંઠને પામ્યો રા. ૪
હાંરે વાલા ડમડમ ડંકા વાજે, હાંરે તેના ઘોર શબ્દ અતિ ગાજે
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો; વૈકુંઠને પામ્યો રા. ૫
હાંરે વાલા જયજયકાર ઉચરતા, હાંરે દેવ પુષ્પની વૃષ્ટિ કરતા;
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો; વૈકુંઠને પામ્યો રા.
હાંરે વાલા રઘુવર રાજ બીરાજ્યા, હાંરે એતો હરિના લાલને ભાવ્યા
હાંરે જશ જામ્યો, રાવણ દુઃખ વામ્યો: વૈકુંઠને પામ્યો. રા. ૭
રાવણ મારી લંકાગઢ લીધો, લંકેશ મારી લંકાગઢ લીધો, રા. ૮

રાગ હોરી.

હાંરે કાન ધર્યોરે મુગટ ખેલે હોરી, કાન ધર્યોરે. (એ રાગ)
હાંરે મંદીરમાં શોભા બહુ સારી. મંદીરમાં.
રામજીકે મસ્તક મુગટ બીરાજે, ધનુષ્ય ધારી લાલ ગીરધારી; મં. ૧
લક્ષ્મણજી કર છત્ર સોહાવે, સીતા મૈયા છબી હે ન્યારી. મં. ૨
કોટે હાર મૈનાકર માંથે ઝારી, ઝાંઝર ઝમકે ઝમકારી; મં. ૩
રાગકે વાહન ગરુડનું છાજે, સામો વીર હનુમંત ગાજે; મં. ૪
હરીના લાલને એ અતિ વાલા, કરતાહે કાલાવાલા. મં. ૫

રાગ ઉપર પ્રમાણે.

હાંરે શંકરને શિશ નમાવુંછું, શંકરને,
અંગે ભસ્મ ભાંગની ગોળી, સાથે ભેરવ ભુત ટોળી. શં. ૧
આકે ધંતુરો પ્રભુ વિજ્યાના ભોગી, જસોદાકે ઘર આયે.જો.૨
દેખાડ મૈયા મોકુ બાળક તુમેરા, દરશન કરકે દૂરું ફેરા. ૩
મેરે બાળકકું નજર લગેગી, તુમ હો બડે અબધુત જોગી.શં.૪
મેં નહિં જોગી શંકર નામી, નહિં એ બાળક અંતરજામી.શં. ૫
હરીનાલાલને દરસન દીધાં, હરીહર મળી સુખડાં કીધાં. શં,૬

રાગ ઉપર પ્રમાણે.

હાંરે જંગલમેં વાસ કીયો દેવી. જંગલમેં,
આરાસુરમેં અંબે વસતહે ચુંવાળમેં બહુચર બાળી; જં. ૧
શિણગારે દેવી દુર્ગાભવાની, પાવાગઢ મહાકાળી. જં. ૨
માંગળેકુ પાલન અંધેકુ અંખીયાં, વાંઝેકુ આપત બાળ; જં. ૩
હરીનાલાલને સાહ્ય તું કરજે, દુઃખદારિદ્રને ભય હરજે. જં. ૪

રાગ ઉપર પ્રમાણે.

હાંરે મોહનજીકી છબી ન્યારી, મોહનજીકી.
કાનમાં કુંડળ કેસર તીલડી, કુમકુમ આડપે બલિહારી. મો. ૧
હસ્તે કંકણ કુંદન વિંટી, મોર મુગટ ધનુષ્ય ધારી. મો. ૨
કટિસૂત્રને હાર હીરાનો, અંગે આભુષણ સારી. મો. ૩
હરીનાલાલ નિત ધ્યાન ધરે છે, જનમ મરણ નાંખો તારી.મો.૪

રાગ કાફી.

ધુમ મચી નંદ દ્વારરે, સ્યામ ખેલે છે હોરી, (એ રાગ).
ગોકુળ ગાંમને ગોંદરે, ગુલાલજ વરસ્યો;
વરસ્યો તે દીનને રાતરે, ગુલાલજ વરસ્યો.

વરસાવે રઘુનાથરે, ગુલાલજ વરસ્યો, ગોકુળ (ટેક)-
સામાસામી ખીલ રચી હે, લક્ષ ગોપીએ કાંહાંનરે. ગુ. ૧
કુમ કુમ કેસર ઓર અરગજા, છાંટે છે બ્રીજનારરે. ગુ. ૨
પીચકારી ભરી કાંહાંનજી ગારે, તનડામાં વાગે છે તીરરે. ગુ. ૩
તાકીને એક એકને મારે, ગોપી થાકી ભીજ્યાં ચીરરે. ગુ. ૪
કીચડ કેસર અબીલતણો છે, રંગમાં રોળી બ્રીજનારરે. ગુ. ૫
કાંન કુંવરે તો લીલા રચી છે, લક્ષ ગોપી લક્ષ કાંનરે. ગુ. ૬
હરીનાલાલને ચરણ કમળમાં, રાખી ઉતારો પારરે. ગુ. ૭

રાગ ઉપર પ્રમાણે.

હાંરે મોરલીના નાદે મારાં મન હરીઆં.
હરી લીધી સુધ બુધરે, મારાં મન હરીઆં. (ટેક.)
કપટી કાંનુડો મેં તો નવ જાણ્યો, ભુલાવી મનની ભાનરે. મા. ૧
હેત અમારી સાથે વધારી, મુકી નાઠો દીનાનાથરે. મા. ૨
ગોપીઓ કાલાવાલા કરે છે, કપટી ન જાણ્યો કાંનરે મા. ૩
ગોપીયો સઘળી ગળીરે ગઈ છે, મળીયા છે જુગલ કીશોરરે. મા. ૪
હરીનોલાલ કહે ધ્યાન ધરે જે, પળમાં ઉતરે પારરે. મા. ૫

રાગ ઉપર પ્રમાણે.

રંગ મચ્યો બ્રીજ માંહીરે, ગોકુળની ગલીયે,
ઉડાવે રઘુરાયરે, ગોકુળની ગલીયે, રંગ મ. (ટેક).
જુમનાની તીરે ધુમ મચાઈ, ગોપી અને ગીરધારીરે. ગો. ૧
ફાગુણના ફગુવા નિત્ય આપે, આપે છે ઘનશ્યામરે. ગો. ૨
નટવર નૌતમ રૂપ ધરીને, ગોપીકાને પજાવેરે; ગો. ૩
મોકડલાં લઈ મંદીર આવે, માતા જસોદાને ભાવેરે ગો. ૪

હરીનાલાલ નિત્ય યાદ કરે છે, ભવસાગર તરવા કાજરે.ગો. ૫

રાગ ઉપર પ્રમાણે.

નારાયણ સીતા રામરે, જમવાને આવો,
લક્ષ્મણ બળભદ્ર વીરરે, સાથે તેડી લાવો. નારા. (ટેક)
ભાત ભાતનાં પક્વાન બનાવ્યાં, મીઠાઈ મેવાનો નહીં પારરે;જ૦ ૧
બરફી પેંડાનેરે કચોરી, ખાજાં જલેબી સંજોરીરે; જ૦ ૨
ઘેબર પુરીને પાપડ રૂડા, તળ્યાં મઠીયાંના સ્વાદ અપારરે;જ૦
શાક અથાણાં ને અતિ ભાજી, કમોદ તણો છે ભાતરે. જ૦ ૪
દાળતણી શી પેરજ કહિયે, આરોગે રઘુનાથરે. જ૦ ૫
કંસાર તારે છુટો લાડુ, તે ઊપર ઘીની રધારે; જ૦ ૬
ખાંડ ગેળનો શીરો હતો ત્યાં, માલપુવાની બારરે; જ૦ ૭
ભજીયાં હતાં બહુ ભાતભાતનાં, દૂધપાક શાક અપારરે; જ૦ ૮
રોટલા રોટલીને ભાખરીઓ, તાદળાનો અતિ સ્વાદરે; જ૦ ૯
ફળફૂળાદીક નૈવેદ ધરાવ્યા, આરોગો દીનાનાથરે. જ૦ ૧૦
હરીનો લાલ નિત પ્રસાદ લે છે. આપે છે વૈકુંઠ વાસરે, જ૦ ૧૧

રાગ હોરી.

હરી દેખો ખેલે છે હોરી, સંગ લીયોહેરે, સંગ લીયો હે
રાધીકા ગોરી, હરી દેખો ખેલે છે હોરી. (એ રાગ)
હાંરે દેખો રઘુવર રાસ રમે છે, સાથે રાધેરે સાથે રાધે
ગોપીઓ ફરે છે, દેખો રઘુવર રાસ રમે છે. (ટેક)
ગાય ગીતને લેછેરે તાળી, કાળીકાનેરે કાળા કાહાનેર કાહાને
તે મોરલી બજાઈ. દેખો રઘુવર રાસ રમે છે૦ ૧
અતિ ઘોર શબ્દથી ગાજે, ગોપી થેઈ થેઈરે ગોપી થેઈ થેઈ

નાચ નચાવે૦ દેખો રઘુવર રાસ રમે છે૦ ૨

તાલ પખાજ ઝાંઝ ઝમકારા, મોરલીનારે મોરલીના રાગ છે પ્યારા. દેખો રઘુવર રાસ રમે છે૦ ૩

થઇ અબીલ ગુલાલની હેલી, ગોપી નાઠીરે ગોપી નાઠી રાસને મેલી. દેખો રઘુવર રાસ રમે છે૦ ૪

હરીના લાલ સમરણ કરતા, ભવપારરે ભવપાર નામથી ઉતરતા. દેખો રઘુવર રાસ રમે છે૦ ૫

રાગ ઉપર પ્રમાણે.

હાંરે કોઈ કૃશ્ન કૃશ્ન ગુણ ગાવે, કૃશ્ન નામથીરે કૃશ્ન નામથી વૈકુંઠ જાવે, હાંરે કોઈ કૃશ્ન કૃશ્ન ગુણ ગાવે. (ટેક.)

હાંરે કૃશ્ને સઘળી લીલા તો રચાવી, ગોપી સઘળીરે ગોપી સઘળીને નાચ નચાવી. હાંરે કોઈ૦ ૧

હાંરે કૃશ્ને ગોકુળમાં ગાય ચારી, ગોપીયોનેરે ગોપીયોને પાર ઉતારી. હાંરે કોઈ૦ ૨

હાંરે કૃશ્ને અનેક અનેક રૂપ કીધાં, ગોપીયોનાંરે ગોપીયોનાં ગોરસ લુંટી લીધાં. હાંરે કોઈ૦ ૩

હાંરે કૃશ્ને કંસ રાયને માર્યો, ભવસાગરરે ભવસાગર પાર ઉતાર્યો. હાંરે કોઇ૦ ૪

હાંરે કૃશ્ન ગોચારી ઘેર આવ્યા, હરીના લાલનેરે હરીના લાલને મન ભાવ્યા. હાંરે કોઇ૦ ૫

રાગ ઉપર પ્રમાણે.

હાંરે દેખો રઘુવર રંગ ઉડાવે, સાથે ગોપીરે સાથે ગોપી ઘેલી થઈ ગાવે, દેખો રઘુવર રંગ ઉડાવે. (ટેક).

હાંરે એક ગાયને તાણીરે લે છે, બીજી થેઈ થેઈરે બીજી થેઈ થેઈ મુખથી કહે છે. દેખો રઘુવર૦ ૧
હાંરે એક કેશર આગર ઘોળી, બીજાંણી રે બીજાંણી ચુંદડી ને ચોળી. દેખો રઘુવર૦ ૨
હાંરે ફાંટ ભરી ગુલાલની ઓળી, ગોપી સાથેરે ગોપી સાથે તે રમીયા હોળી. દેખો રઘુવર૦ ૩
હાંરે હરીનો લાલ હેતે ગુણ ગાવે, તમ દરસનરે તમ દરસનથી સુખ પાવે. દેખો રઘુવર૦ ૪

રાગ ઉપર પ્રમાણે.

હાંરે પ્રભુએ મોરલી મુખસેં બજાઈ, કામકાજ તોરે કામકાજ તે સઘળી તજાઈ, પ્રભુએ મોરલી મુખસેં બજાઈ. (ટેક)
થયો નાદ સ્વર્ગમાં સોર, જેથી તોરે જેથી થઈ રહ્યો સોર બકોર, પ્રભુએ મોરલી મુખસેં બજાઈ. ૧
હાંરે દેવ વૈમાન આકાશ ઉડાવે, ફુલ ગજરારે ફુલ ગજરાને હાર ચડાવે, પ્રભુએ મોરલી મુખસેં બજાઈ. ૨
હાંરે રાસલીલાનાં દરસન કરવા, હરીના ચરણેરે હરીના ચરણકમળ ચીત ધરવા, પ્રભુએ મોરલી મુખસેં બજાઈ. ૩
તાલ પખાજ ઝાંઝ ઝમકારા, ત્રિલોકેરે ત્રીલોક પોચ્યા રણકારા. પ્રભુએ મોરલી મુખસેં બજાઈ. ૪
હરીના લાલને છો પ્રભુ પ્યારા, નયણેથીરે નયણેથી ન રહેશો ન્યારા, પ્રભુએ મોરલી મુખસેં બજાઈ. ૫

રાગ હોરી.

હોરીરે વાલાલા ખેલે હોરી આજ વંદ્રાવન ખેલે હોરી (રાગ).

ખેલે હોરીરે ખેલે હોરી, નટવર નાનો ખેલે હોરી.
વંદ્રાવનમાં વાંસળીરે વાગે, મોરલી વાગે મથુરા માંહીરે. ન૦ ૧
વંદ્રાવનની કુંજ ગલીમાં, રાસ રમેરે રાધે ગોરીરે. ન૦ ૨
રમતાં રાધાએ ચોટી પકડી, કાનજી નાનો ને રાધા મોટીરે. ન૦ ૩
મુખપર મોરલીને હાથ પીચકારી, રાધીકા જાઊ વારીવારીરે. ન૦ ૪
હરીનો લાલ કહે ધ્યાન તો ધરજો, ભુલચુક માફ તમે કરજોરે. ન૦ ૫

રાગ ઉપર પ્રમાણે.

ખેલે હોરીરે વાલો ખેલે હોરીરે, ગોપીયો સંગ ખેલે હોરી.
કેસર ગાગર કરમાંરે ઝારી, રંગ રમતા ગોપી હારીરે; ગો. ૧
તાકીને તનડાં તોરે છેદી, નાશી ગયો મનડાં ભેદીરે; ગો. ૨
ગોકુળથી વંદ્રાવન જાતાં, કોટીક કાનસા માથા તારે; ગો. ૩
થાકી છું તમથી કુંવર કનૈયા, કહીશું જઈ જસોદા મૈયારે ગો. ૪
હરીના લાલને દરસન દેજો, ગોપીકાના રૂદિયે રેહેજોરે; ગો. ૫

રાગ હોરી.

એસી ચતુર બીજનાર, પ્રિયાસંગ ખેલે છે હોરી (એ રાગ.)
ફાગણુ માસ બસંત, બંસરી લાલે બજાઈ; લા. ટેક.
ગાવત ગીત ઉમંગ, ગોપીકા દરસન આઈ;
દરસન આઈ દરસન આઈ, ફાગણુ માસ બસંત; ૧
નાદ હુવો ઘન ઘોર, ગોકુળમાં ગઈ છે વધાઈ;
ગઈ છે વધાઈ ગઈ છે વધાઈ, ફાગણુ માસ બસંત; ૨
ગોપ ગોવાળકો સાથ, રાધીકા રમવા આઈ;
રમવા આઈ રમવા આઈ, ફાગણુ માસ બસંત; ૩
ઉડતહે અબીલ ગુલાલ, રંગની રેલ ચલાઈ;

રેલ ચલાઈ રેલ ચલાઈ, ફાગણુ માસ બસંત; ૪
થઈ રહ્યા શેર બકોર, સ્વર્ગમાં પોચી વધાઈ;
પોચી વધાઈ પોચી વધાઈ, ફાગણુ માસ બસંત; ૫
હરીનો લાલ હરનીશ, ભજે છે ગુણુલા ગાઈ;
ગુણુલા ગાઈ ગુણુલા ગાઈ, ફાગણુ માસ બસંત; ૬

રાગ ઉપર પ્રમાણે.

આવ્યો માસ બસંત, રંગભેર રમવા હોરી.
રમવા હોરી રમવા હોરી. આવ્યો માસ બસંત રં. ટેક
કેસુડાનો રંગ ઘોળીને લાવી ગોરી;
લાવી ગોરી, લાવી ગોરી, આવ્યો માસ. ૧
છાંટત અબીલ ગુલાલ, ગોપીકી માળા તોડી,
માળા તોડી, માળા તોડી, આવ્યો માસ; ૨
બાજત હે તાલ મૃદંગ, બસના રહે ઘોરી,
નાદહે ઘોરી, નાદહે ઘોરી, આવ્યો માસ; ૩
અબીલ ગુલાલકી ફાંટ, ભરી હે કરમાં ઝોરી,
કરમાં ઝોરી, કરમાં ઝોરી, આવ્યો માસ. ૪
રી નો લાલ કહે આજ, રાખો આ અમર જોડી,
અમર જોડી અમર જોડી, આવ્યો માસ; ૪

રાગ હોરી.

લોકડીયા દેખે છે લાલ, આંખોમાં ભર્યાં ગલાલ,
મુખડાંની ખાશો ગાળ, આતે શું કર્યું; (એ રાગ).
મારગડો રોકો શા કાજ, હું ધરાવું તારી લાજ,
ગોકુળના ગોવાળીયા, ઓળખુંજ છું ટેક.

માથે છે એહુ મહિનો ભાર, ગોરસ મારૂં ઉકળી જાય,
તેમાં તારૂં તો શું જાય. ખોટી થાઉંછું,
મારગડો રોકો શા કાજ. ૧
સાસુજીની જબરી સુરી, નણદી મારી છે બહુ બુરી,
માટે જાવાદો ગોવાળ, તુજને કહું, મા. ૨
દાણુતણી અમારી પેર, શીદને કરે છે વેર,
નીકર મહિ મટુકી, લુટી ખાઈશું. મારગડો. ૩
તમો છો ગોપીના નાથ, માફ કરોને જોડું હાથ,
પ્રભુને જાણ્યા વીના મેં તુંકારો કર્યો; મારગડો. ૪
રઘુપતિ છો ઘનસ્યામ, જાવાદો અમારે ધામ,
ગાય છે હરીનાલાલ કારજ સારૂ. મારગડો. ૫

રાગ ઉપર પ્રમાણે.

મળીયાજી છો ઘનસ્યામ, જવાદો અમારે ધામ,
શા તમારે તે શું છે કામ મુજને કહો, શામળીયાજી (ટેક);
મારગડો રોકગો મોરારી, નોધારા છો આધારી,
વારવારી જાઉંવારી, તમને વરી, શામળીયાજી; ૧
છોગાળાજી સાંમા મળીયા, દેખીને કેમ પાછા વળીયા,
છો તમે રંગના ભરીયા, રૂપાળા દીસો, શાંમળીયાજી; ૨
અમ અબળાની જાણો દાઝ, છોગાળાજી છે કાંઈ લાજ,
કરોને અમારાં કાજ, નંદના લાલા, શામળીયાજી; ૩
તમો છો ગોપીના નાથ, ચાલોને અમારી સાથ,
કહે છે હરીનાલાલ, કારજ સારૂ. શામળીયાજી. ૪

પદ ૧ લું. રાગ ઉપર પ્રમાણે.

આરે સોરઠીઆરે શામળા, વારયો સોરઠ દેશ;
અમને તજ્યાં અલબેલડા, કાન ક્યારે મળેશ; (એ રાગ)
શ્રાવણ માસ સોહામણો, કૃષ્ણ પક્ષના દન;
આનંદ ઓછવ અતિ ઘણો, સૈ સૈનારે મન; ટેક૦ ૧
ગોકુળ ગામની શેરીયે, કૃષ્ણ કૃષ્ણ બંધાય.
રજની દિવસ એમ ઉચરે, નરનારી સદાય; શ્રા૦ ૨
નંદાજીનેરે બારણે, થાય ગીતને ગાન;
ઘેલા થઈ સૌ સજ્જનો, નાચી લેછેરે તાન; શ્રા૦ ૩
અષ્ટમી આવીરે ઢુકડી, થાશે કૃષ્ણાવતાર.
મધ્ય રાત્રીને સમયે, પ્રગટે શ્રીમોરાર શ્રા૦ ૪
બુધવાર રૂડું નક્ષત્ર, રોહણીનોરે જોગ,
સ્યામ સુંદરવર પ્રગટીયા, આલ્યો કૃષ્ણ ઉદ્યોગ. શ્રા૦ ૪
હરિના લાલનીરે વિનતી, સુણીને રાખી પાસ;
દીન બંધુ પ્રભુ વીઠલા, આપો ચરણામાં વાસ. શ્રા૦ ૫

પદ ૨ જું રાગ ઉપર પ્રમાણે.

કૃષ્ણ કૃષ્ણ જીભે જપો, કૃષ્ણ કૃષ્ણના જાપ;
સાંભળેથી મુક્તિ મળે, ટળે ત્રિવિધી તાપ. ટેક.
અગણીત રૂપ ગુણ કૃષ્ણજી, કૃષ્ણ ગાયો ગોવાળ;
રાસ લીલા છે કૃષ્ણની, કૃષ્ણ દીન દયાળ. કૃ૦ ૧
કૃષ્ણ કરૂણાના નિધી, કૃષ્ણ મુક્તિ દાતાર;
કૃષ્ણ ભક્તિથી સાંપડે, રિધિ સિધિ ભંડાર. કૃ૦ ૨
કોટિ કોટિ નામ કૃષ્ણના, પણ રૂપ ગુણ એક;
કૃષ્ણ વિના બીજુ કો નહિ, કૃષ્ણ માયા અનેક. કૃ૦ ૩

હરીનો લાલ કહે કૃષ્ણજી, આપો તમ ધ્યાન.
ચરણરજ મુસ્તક ધરૂં, આપો મુક્તિનું દાન; કૃષ્ણ૦ ૪

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

આવ્યો અંબે તારે આશરે; આવ્યો મુંઝાળ ચોક;
બહુચર બાળીનો બાળીનો બાળકો, અપરાધી રાંક;
આવ્યો અંબે તારે આશરે. (ટેક.)
કાળકાજીકાં મને કારણે, વાહારે ધાજો હે માત;
દુઃખ દારીદ્રને ટાળવા, પ્રગટ્યાં સાક્ષાત. આવ્યો૦ ૧
તુળજા મા ત્રિશૂલ ધરી, કરો દૈત સંહાર,
પાપીને પ્રલે કરી, ઉતારો ભૂભાર. આવ્યો૦ ૨
નારાયણી નવખંડમાં, નામ તારૂં જપાય;
નવરાત્રિ કેરા દીનમાં, હોમ હવન તો થાય. આ૦ ૩
હરીના લાલની વિનતિ, વિનવું ગોરી માય;
આશાપુરી દુઃખ કાપજો, તુજ દરશણ થાય આવ્યો૦ ૪

પદ ૪ થું. રાગ ઉપર પ્રમાણે.

કાહાનકુંવર વર કારગો, લાગે મોહનાર;
શું રે કરૂં સખી માહરી, નોધારાનો આધાર. કાન૦ (ટેક)
જળ ભરવાને કારણે, જમુનાંજી તીર;
ઉભો સખી રૂડો શામળો, બળભદ્રનો વીર. કાન૦ ૧
આજ રૂડેરોરે દીન છે, દરસન દે દયાળ
કાહાનકુંવર વર ભેટીયા, આવી પુષ્પની માળ. કાન૦ ૨
મનરે માન્યું સખી માહરૂં, અતિ આનંદ થાય;
વરરે વીઠલને વરવાને ઘણું દીલ હરખાય. કાન૦ ૩

હરીનાં લાલનોરે વીઠલો, વશ તું કેમ થાય;
કામણગારો કાનુડો, રોજ રમવાને જાય. કાન૦ ૪

પદ ૧ લું.

ક્યારે મુને મળશે શાંદાંનરે જોશીડા જોશ જુવોને (રાગ).
આનંદ ઉર નમાયરે, આજ તો જન્માષ્ટમી છે;
આનંદ ઉર નમાય. (ટેક).
કૃશ્નાવતાર લીધો ઘનસ્યામે, ત્રિપુરારી મોરારે. આજ૦ ૧
સવારે ઉઠીને નાહાવું ને ધોવું, કૃશ્ન મુખેથી ઉચારરે. આજ૦ ૨
અપવાસ કરવો ધ્યાનજ ધરવો, એક ચીતે દીન રાતરે. આજ૦ ૩
તુળસીદળ પર ફુળ હાર કરવો, નિંદ્રા આળસને વિસારરે. આજ૦ ૪
જાગરણ કરવું મંદીરમાં જઈ,હરી ચરણે ચીત રાખરે. આજ૦ ૫
પંચામૃત નીવેદ લેઈને, પ્રસાદ કરવો અહારરે. આજ૦ ૬
હરીનોલાલ કહે પ્રભુ ભકિતથી, ઉતરશો ભવ પારરે. આજ૦ ૭

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

વાલીડા વેગે વેહેલો આવરે, તક જાય હરી ભજવાની,
વાલીડા વેગે વેહેલા આવ. (ટેક).
શ્રાવણ માસ દિસે અતિ સુંદર, પ્રગટ થયા શ્રી મોરારે,
તક જાય હરી ભજવાની. વાલીડા૦ ૧
વૃંદાવનથી ગોકુળ જાવું, વિકટ વનવી મોઝારરે,
તક જાય હરી ભજવાની. વાલીડા૦ ૨
ગોપ ગોવાળ સૌ હરી મળવાને,તત્પર થયા તૈયારરે,
તક જાય હરી ભજવાની. વાલીડા૦ ૩
હરીનોલાલ કહે પ્રભુ મને મળીયા,મળીયા શ્રી જુગદાધારરે,
તક જાય હરી ભજવાની. વાલીડા૦

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

ચતુરભુજ ઘનસ્યામરે, વાહાલો મારો ડાકોર વશીયા (ટેક).
ગોડાણાપર મનડું ગોયું, ભક્તનાં કરવા કાજરે. વાલો૦ ૧
ડાકોર ગામને પાવન કીધું, નાવા ગોમતીના નીરરે વાલો૦ ૨
વાહાલે પધારી ત્યાં ધામજ કીધું, આનંદ ઓચ્છવ થાયરે. વા૦ ૩
હરીનો લાલ તો દરસન કરવા, હરનીશ હાજર દાસરે. વા૦ ૪

પદ ૪ થું. રાગ ઉપર પ્રમાણે.

વિનવું વિધાતરા માતરે, લેખ તેં કેવા લખ્યા છે;
વિનવું વિધાતરા માત. (ટેક.)
મોહન વર વરવો છે અમારે, કાનુડો કપટી મોરારે. લે૦ ૧
સ્નેહ અમારે પુરવ જનમનો, નાસી જાય ગીરધારરે. લે૦ ૨
વરી ચુકીશું હું તો વીઠલ વરને, મુકી નાખ્યો મોરારરે. લે૦ ૩
હરીનો લાલ હરનીશ ભક્તિથી, મળીયા ગોપીને કાનરે. લે૦ ૪

પદ ૫ મું. રાગ ઉપર પ્રમાણે.

વિનતી ધ્યાને ધરોરે, ધરોને ઘનશ્યામ ડીગંબર. વિ૦(ટેક)
ભૂમીનો ભાર ઉતારવા કાજે, કૃષ્ણાવતાર ધરોરે. ધરોને૦ ૧
કંસરાય મહા કોપ કરે છે, સુદાસનને ધરોરે. ધરોને૦ ૨
જમુનાંનીરે તીરે ખેલ રચાવી, મુખપર બંસરી ધરોરે. ધ૦ ૩
કપટી કંસને હણવારે વાલા, ધનુષ્ય કરમાં ધરોરે ધ૦ ૪
હરીનો લાલ હરનીશ કહે છે, કૃષ્નનું ધ્યાન ધરોરે. ધ૦ ૫

પદ ૬ ઠું રાગ ઉપર પ્રમાણે.

કળજુગ દેવી ધરોરે ધરોને અંબે ચક્ર નિશાળમાં. (ટેક.)
દૈતને મારણ ભક્ત ઉધારણ, આધ જુગતે ધરોરે,

ધરોને મૈયા ચક્ર ત્રિશૂળમાં. કળજુગ. ૧

દૈત નિકંદન મુજ દુઃખ ભંજન, કરમાં ધનુષ્ય ધરોરે;
ધરોને મૈયા ચક્ર ત્રિશૂળમાં, કળજુગ. ૨

આરાસુરમાં આંબે વસે છે, બહુચર રૂપ ધરોરે,
ધરોને મૈયા ચક્ર ત્રિશૂળમાં. કળજુગ. ૩

પાવાગઢમાં પોકારા કરો મા, તુળજા માખપર ધરોરે,
ધરોને મૈયા ચક્ર ત્રિશૂળમા. કળજુગ.

હરીનાલાલ હરનીશ કહે છે, શિરપર છત્ર ધરોરે,
ધરોને મૈયા ચક્ર ત્રિશૂળ મા કળજુગ. ૪

પદ ૭ મું. રાગ ઉપર પ્રમાણે.

માહા દુઃખ મારૂં હરોરે, હરોને દેવી ડુંગરવાળી, (ટેક).
ત્રિશૂળ ખડગને બાલા ગ્રહીને, મૈસાસુરને હરોરે. હ૦ ૧
અતિ અસુર જે દૈત ઘણેરા, પ્રાણ પલકમાં હરોરે. હ૦ ૨
ત્રિપુરારીરે મા ચંડી ચામુંડા, વિઘન સરવે હરોરે. હ૦ ૩
હરીનોલાલ પ્રણામ કરે છે, કાળ ક્રોધને હરોરે; હ૦ ૪

પદ ૧.

મારે દિવાળી થઇ આજ. હરી મુખ જોવાને; એ રાગ;
પ્રગટયા પુરૂષોત્તમ ભગવાન, સુદ્રાસન ધારી,
અમ ભાગ્યતણો નહિં પાર, દુઃખડાં વિસારી. ટેક.
આજ અમારે આનંદ વરસ્યો, આનંદ હેલી થાયરે.
મોર મુગટ ઘનસ્યામ સુંદરજી, દિન બંધુરે દયાળ. સુ૦ ૧
કાંન કુંવર પ્રભુ પ્રીતમ મારા, મોક્ષદાતા ગીરધારીરે,
તુમ ચરણના દાસની અરજો, બારંવાર સુણો નાથ;

સુદ્રાસન ધારી, પ્રગટયા પુરૂષોત્તમ. ૨
ગૌ બ્રાહ્મણને રૂષિ જનોને, કારણે ધર્યો અવતારરે;
પૂરણ બ્રહ્મ દયાળ દામોદર, અધમ તણા ઓધાર. સુ૦ ૩
હરીના લાલ પ્રભુ અંતરજામી, પતિતપાવન નાથરે. સુ૦ ૪

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

રૂડા શરણાંગત પ્રભુ આજ, દીસે વાહાલો મંદીરમાં;
મારૂં મનડું મોહ્યું છે આજ, ઘનસ્યામ સુંદીરમાં (ટેક.)
મંદીરમાં વાહાલો સન્મુખ બેસી, દરશન છે દયાળરે;
પગે પાવડી પીતાંબર સોહીયે. રક્ષા કરો પ્રતિપાળ. દી૦ ૧
કાને કુંડળ મુખપર મોરલી, બજાવતે નીરવાણરે;
કેડે કટારી વાંકડારે, કરમાં ધનુષ્યને બાણ દી૦૨
શોભા તારીરે પ્રભુ શીરે વખાણું, કેહેતાં ન આવે પારરે;
જરકશી જામો પેહેર્યો જુલનો. કંઠે મોતીના હાર. દી૦ ૩
કાહાનકુંવરને રાધિકાએ, શોભે મંદીર માંહરે;
હરીના લાલને છો અતિ પ્યારા, પોચાડો મનના કોડ. દી૦ ૪

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

હાંરે આજ જનમ્યો જગતમાં કાહાન, ગોકુળ ગીરધારી;
હાંરે વાલા વંદ્રાવન મોજાર, વનમાં ગૌચારી. (ટેક).
દરસન કરવા ગોપીકા આવી, સાથે ગોવાળ અનેકરે,
શંકર આવ્યા દરસન કરવા, ધરીને નૌતમ ભેખ. ગો૦ ૧
અલેક જગાવી આવ્યા આંગણીયે, બતાદે મૈયા તેરા બાળરે;
નહિં દે મૈયા એ બાળક તુંમેરા, કંસ ગણો એ કાળ; ગો૦ ૨
નર નારાયણે અવતાર ધરીયો, ભૂમી ઉતારવા ભારરે;

કુબજાનું કામ કરવા પ્રગટીયા, સાક્ષાત શ્રીત્રીપુરારે. ગો૦ ૩
શંકર ધારીને મળિયા ગીરધારી, દરસન દીધાં દયાળરે;
હરીહર મળીને સુખડાં કીધાં, ગાય હરીનો લાલ. ગો૦ ૪

પદ ૪ થું. રાગ ઉપર પ્રમાણે.

ઘનશ્યામ મોરારી મહારાજ, આવો મારા આંગણીયે;
તમ સેવક જનનાં આજ, દિલ દુખડાં હણીયે. (ટેક.)
મોર મુગટ શિર છત્ર બિરાજે, કાને કુંડળ સારરે;
આંગણીયે પ્રભુ રમવા આવો, નોધારાના આધાર. આ૦ ૧
આવો આંગણીયે પ્રભુ ફુલડાં વેરાવું ને, ચાલીને ચતુરસુજાણરે.
દીન દયાળ દામોદરે દરસન, આવો તમે નીરવાણ આ૦ ૨
નારાયણ નરસિંહ નરોતમ, દીનબંધુરે દયાળરે;
માફ કરો પ્રભુ ગુન્હો અમારો, ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ આ૦ ૩
ગોપીઓ કાલાવાલા કરે છે, પ્રભુ રાખો અમપર વહાલરે;
નોધારાનો આધાર બેલી, કહે છે હરીનોરે લાલ. આ૦ ૪

પદ ચોતારાનાં૧

ભૂતળ ભક્તિ પદારથ મોટું, ત્રણ લોકમાં નહીરે; (એ રાગ.)
હરીજનને હરીજન અતિ વાહાલા, વૈશ્નવ વાહાલા અમનેરે;
હરીજનને હરિજન અતિ વાહાલા. (ટેક).
વૈશ્નવ જનનો એવો ધરમ છે, દયા દાન વ્રત કરવું રે;
પુન્ય નેમને હરીતીરે ભક્તિ, તપ તિરથ આદરવુંરે. હરી૦ ૧
વૈશ્નવથી હું પળ નથી અળગો, વૈશ્નવ રહે છો આં જાણરે;
વૈશ્નવને જો ભીડ પડે તો, સુદરસન લેઈ ધાઉંરે. હરી૦ ૨

વૈશ્નવની જે નિંદા કરે, તેને નરકમાં નાખું રે,
વૈશ્નવ જન તો ભક્ત છે મારા, તેના ગુન્હા હું સાંખું રે. હ૦ ૩
ભક્તિ વશ છે પુરૂષોત્તમજી, તેનો હું છું દાસરે;
હરીનોલાલ ભણે વિનય ભાવથી, તો રાખો ચરણકમળની પાસરે. હ. ૪

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

કાને કુંડળ કરમાં મોરલી, રઘુવર રૂપ નીહાળોરે; (ટેક)
કરમાં ઝારી કંચન કેરી, મસ્તક મોરનું પીંછું રે;
શંખ ચક્ર અને ગદા ધરીને, ચતુરભુજ રૂપ દીઠું રે. કા. ૧
કટિ સુત્રને હાર હીરાનો, કંઠે મોતીની માળારે;
ગીરધરધારી ગોવીંદજી, અંગે કાહાનજી કાળારે. કા૦ ૨
પાંની સુધી પીતાંબર પેહેરી, મુખે મોરલી બજાવેરે;
રાસ રચાવ્યો પ્રીતમજીયે, શણુગાર સરવે સજાવેરે. કા. ૩
હરીનાલાલના સ્વામી શામળીયા, નીત્ય નીત્ય નૌતમ રૂપીરે;
લજ્જા રાખો દીનબંધુજી, તનમન દેઊછું સુપીરે. કા. ૪

પદ ૩ જું. રાગ ઉપર પ્રમાણે.

કહાનકુંવરજી કાલા થઈને, પાલવડો શીદ પકડોરે; (ટેક)
અમો અબળાને તમો છોગાળા, મથુરાંના વાસીરે;
ગોકુળીયામાં ગયો ચરાવી, અમો તમારી દાસીરે કા૦ ૧
નિર્લજ થઈ શું ચાળા કરો છો, કપટી અમારો વહાલોરે;
કામણગારા કાનમાં કુંડળ, નંદજીનો લાલોરે; કા. ૨
કાલા થઈને ભૂલા ફરો છો, મોરલી વગાડી શીદ નાચોરે;
માગણની પેરે મોહનજી, અમારી આગળ જાચોરે. કા૦ ૩
અમો ગોપીકાના ગુના ઘણેરા, માફ કરો મોરારીરે;

જાણ્યા વિના તમ સાથે શ્રીકૃષ્ણ, બોલ્યા વગર વિચારીરે. ક. ૪
પાલવ મુકો રાસ રચાવો, ગોપી સઘળી કુમારીરે;
હરીના લાલ પ્રભુ બાંહ તમારી, પકડી તે પાર ઉતારોરે. ૫

પદ ૪ થું. રાગ ઉપર પ્રમાણે.

પુરશોતમજી પાલવ ગારો, છોડો છોગાળા સ્વામીરે (ટેક.)
મારગડે જાતાં શીદ મોહન, વગર બોલાવે બોલોરે,
સાસુ નણુંદલને જઈ કહેશું, મનના પડદા ખોલોરે પુ૦ ૧
સાસુ અમારી છે બહુ કપરી, નણુંદલ વિંછુ ચટકોરે;
પરનારીનો પાલવ પકડશો, ખેંચી લેઈશું પટકોરે. પુ૦ ૨
ઘેર જઈ તમ માતપીતાને, કહીસું રૂડી પેરરે;
શું જોઈ છાકે અહિં રડારે, થાશે ઝાઝું વેરરે. પુ૦ ૩
અમો અબળાને તમે પ્રીતમજી, ઘેર સાસુ નણુંદલ બુરીરે;
જાવા દોને મારગડેથી, ઘેર અમોને સુળીરે. પુ૦ ૪
હરીનાલાલના સ્વામી શામળીયા, ભક્ત વત્સળ ગીરધારીરે;
અધમ ઉધારણ ગૌ પ્રતીપાળજુ, ગોપી સઘળી ઉધારીરે. ૫

પદ ૫ મું. રાગ ઉપર પ્રમાણે.

નારાયણનું નામ લહો ભાઈ, ભવસાગર ઉતરવારે. (ટેક.)
નરસી મેહેતો પ્રહલાદ તરીયા, કારજ સઘળાં સરીયાંરે;
કૃષ્ણ પ્રભુની મેહેર નજરેથી, ગોપ ગોવાળ તો તરીયારે. ના૦ ૧
પ્રભુના પદરજ પ્રતાપવડેથી, અહલ્યાની અહલ્યા થઈછેરે;
સબરીનાં પ્રભુએ બોર આરોગ્યાં તો, ભીલડી વૈકુંઠ ગઈછેરે. ના૦ ૨
સુરદાસે પ્રભુજીનેરે સેવ્યા, અખંડ પ્રભુ આપ્યાંરે;
પ્રભુએ મેહેર કરીને પુરણ, પોતાના કરી સ્થાપ્યારે. ના૦ ૩

ધ્રુવજી પંચ વરસના બાળક; કષ્ટ પ્રભુએ કાપ્યાંરે;
નારાયણનું નામ લીધાથી, પદ અવિચળ આપ્યાંરે. ના૦ ૪
પાંડવની સતી દ્રુપદિ રાણી, દુઃખની વેળા જાણીરે;
દુશાસન દુષ્ટ અધોરી રાજા તો, સભામાં સાડીઓ તાણીરે. ના૦ ૫
તેરે વેળાએ પ્રભુનું સમરણ કીધું, પ્રભુ પધાર્યા પોતેરે;
નરસે નતાણું ચીરજ પુર્યાં તો, પેરર્યાં સતીયે ખાંતેરે. ના૦ ૬
એવા પ્રભુ છે અખંડ સ્વામી, નારાયણ જગનામીરે;
માફ કરો પ્રભુ હરીના લાલને, તો ઘટઘટ અંતરજામીરે. ના. ૭

પદ ૧ લું.

પ્રાણજીવન પ્રભુ મારા, અબોલા શાનારે લ્યો છે (એ રાગ).
કૃપા કરૂણા કરજો, વાહાલા મારા અંતરજામી;
અરજ રૂદયમાં ધરજો, વાહાલા મારા અંતરજામી. (ટેક).
જળ જમુનાનાં ઝીલવારે આવતાં, કાંઠે ઉભો કાનકામી; વા૦ ૧
વસ્ત્ર હરી ગયો કપટી કાનુડો, રૂડો દ્વારકાનો ધામી; વા૦ ૨
વૃક્ષ કદમ કેરી શીતળ છાયા, તે નીચે પરમપદ પામી;
હરીના લાલને સમરણ કરવા, પ્રભૂ ન લાવો ખામી વા૦ ૪

પદ ૨ જું. રાગ ઉપર પ્રમાણે.

નાથ નગેરા ન થાશો; આ અરજ સુણોને અમારી;
પ્રેમની મારી કટારી, આ અરજ સુણોને અમારી. ટેક.
ગોકુળ ગામને ગાંદરે જાતાં, નંદલાલ જાઉં વારી. ના૦ ૧
ગાંકડલાં લેઈ મંદીર આવો, ગોકુળના ગીરધારી ના૦ ૨
ગોકુળથી વંદ્રાવન જાતાં, ફોડી મહિની મટુકી મારી. ના૦ ૩
હરીનાલાલને દર્સન દીધાં; ગોકુળના ગીરધારી ના૦ ૪

પદ ૩ જું રાગ ઉપર પ્રમાણે.

ગોકુળના ગીરધારી, આ ગાયો ચરાવાને આવો,
સાથે ગોવાળીયા લાવો, આ ગાયો ચરાવાને આવો. (ટેક).
એક આંગળીએ ગોવરધન તોળ્યો, એવા મને દીલ ભાવો. આ. ૧
મોહની રૂપનાં ચીત્ર કરીને, કેવો વગાડે છે પાવો. આ. ૨
માંખણનાં દાંણ હરનીશ દોઝો, આજ લાવો તમે માવો. આ. ૩
હરીનાલાલ હરનીશ ભજે છે, ભર દરીએથી બચાવો. આ. ૪

પદ ૪. રાગ ઉપર પ્રમાણે.

દાંણ તને નહિં આપું, દેવાળીયા રીત આ ક્યાંની,
અમે વહુવારૂ નાંહાંની, દેવાળીયા રીત આ ક્યાંની. દા. (ટેક).
રીત અમારી આપી તું જાને, રેહેને ગોવાળણી છાંની. દા. ૧
દાંણ માંહી એક દોકડો ન મેલું, નવી વહુવારૂ તું ક્યાંની. દા. ૨
દાણ નહિં આપું નંદના લાલા, થાશે જો જીવની હાની. દે. ૩
જાણુંછું તને કંસના ત્યાંની. છોડું નહિં અભુમાની. દે. ૪
હરીનાલાલ કહે હરી ભક્તિયા, પાછી ન કરીએ પાની. દે ૫

પદ ૬.

તારી મોરલીએ મન મોયુંરે, નથી રેહેવાતું; (એ રાગ.)
લટકાળી આંખે લોભાણીરે, આવો નંદલાલા;
નંદના લાલારે વાલા, રંગે રૂપાળારે, કરો નહિં કાંઈ ચાળારે
આવો નંદલાલા, લટકાળી આંખે લોભાણી. (ટેક)
મોહન મનપતા મંદીર આવોને, આવોને નંદના લાલારે,
આવો નંદલાલા; લટકાળી આંખે. ૧
વાટડી જોઈ હું તો થાકી તમારીરે; જપું છું નામની માળારે,

આવો નંદલાલા. લટકાળી આંખે. ૨

કેસવજી તમે કરૂણા કરીને, આવો મોરલીયે વાળારે, આ૦૩

હરીનો લાલ કહે દરશન દેજોરે, કરી રહ્યો કાલાવાલા,આ૦૪

પદ ૨. રાગ ઉપર પ્રમાણે.

તારા મંદીરીએ નહિં આવું રે, નારી ધુતારી;

તુંરે ધુતારી વાલા, તું રે હમારીરે; માર માં પ્રેમની કટારીરે. ના૦

દાણ તણી રીત આપ તું મારીરે, વાત કહુંછું વિચારીરે. ના૦૧

હું હરી તારે કંસની બારીએ, નાંખીશું કંસને મારીરે; ના૦ ૨

દાણ માંહી એક દોકડો ન મેલુંરે,તારાં વસ્ત્ર લેઇશું ઉતારીરે ના૦૩

હરીના લાલને દરશન કરવાની, ટેવ પડી છે સારીરે. ના૦ ૪

પદ ૩ જું રાગ ઉપર પ્રમાણે.

અલ્યા દાણ તને નહિં આપું રે, કાનુડા કાળા;

કાળા કાનુડા વાલા, દિસો રૂપાળારે, જપું છું તારી માળારે. કાંન૦

રાજ વિકટ આ કંસતણું છે, નહિં ચાલે મોરલીયે વાળારે;કા૦૧

દાણતણીરે રીત જાણું નહિંરે, જા છાનોમાનો ધુતારારે; કા૦ ૨

કંસરાયને જઈ જાણ કરૂં છું રે, કાઢી નંખાવું તારા ચાળારે.કા૦૩

હરીનો લાલ હરનીશ ભજે છેરે, ગોપીકા કહે કાંન હાર્યારે;કા૦ ૪

પદ ૪. રાગ ઉપર પ્રમાણે.

નહિંરે જાવાદું નારીરે, દાણ તું દેતી જા,

દાણ દેતી જા વાલા મેંઠ લેતી જારે, દાણ મુકે તે નર બીજારે. દા૦

કંસને જઈને તું જાણ જ કરજે, મહિનિ મટુકી મેલી જાનેરે.દા૦૧

કંસ રાજાએ દુત મોકલીયોરે, ગોકુળ મથુરાંમાં જાનેરે. દા૦ ૨

પ્રભુ આવીને સાં સો પ્રગટ થયા છેરે, માર્યો કંસ પ્રેંગટી,

તીજેથી આળારે, હાણુ તું હેતી જો. નહિરે. ૩

હરીનો લાલ હરનીશ ગુણ ગાતેરે, પ્રગટ પ્રભુને તું તો સાનેરે. હા૦૪

પદ ૧.

પ્રભુનાં મંદિર અતિ રઢીઆળાંરે, તરીયા તોરણને મોતીયાળા;
રામ નામથી પથર તરીયારે, જેથી ભક્ત ઘણા ઉધરીયારે;
નાગર નાત નરસિંહ મેતો નામરે, જેનું જુનાગઢમાં ધામરે,
કૃષ્ણ કૃષ્ણ મુખે ઉચરીયારે, ભવસાગર પાર ઉતરીયારે;
હુંડી લેઈને નાંખું દીધું રોકરે, પ્રભુએ આપ્યા રૂપીયાના થોકરે,
એવા ભક્તવત્સલ ભગવાનરે, રાખ્યાં નરસી મેતાનાં માનરે,
હરીના લાલને દરસન દેજોરે, ભૂલચુકની માફી દેજોરે;

પદ ૨. રાગ ઉપર પ્રમાણે.

પાંચ વરસ તણા પ્રલ્હાદરે, ઉતાર્યો ઈંદ્રિરાજાનો નાદરે,
તપ આદરીયું મહા ઘોરરે, તેનો પોચ્યો સ્વર્ગમાં સોરરે,
રાજા ઈંદ્રને ફકર થઈ છેરે, સુધી બુધી તે સઘળી ગઈ છેરે;
એવો કૃષ્ણતણો મહિમા માયરે, નામ લીધેથી વૈકુંઠ જાયરે,
હરીના લાલને છો અતિ વાલારે, કરીયે નટવર કાલાવાલારે

પદ ૩. રાગ ઉપર પ્રમાણે.

દીનોનાથ દ્વારકાંના વાશીરે, બોડાણા સાથે આવ્યા નાશીરે;
આવી ડાકોર કીધું છે કાશીરે.
ધન્ય ધન્ય ગોમતીજીનાં નીરરે, જેમાં નાહ્યા બળભદ્રના વીરરે;
કરી બોડાણાંપર મેહરરે, થયાં ગુગળીની સાથે વેરરે;
તુળશીપત્રથી મનડાં મોયાંરે, દુઃખ બોડાણાનાં ખોયાંરે,
એવા ભક્તવત્સલ ભગવાનરે, ગુગળીનું ઉતાર્યું માનરે;

પ્રભુ પરમેશ્વર સોતું જે આપેરે, તેને પોતાના કરી થાપેરે,
સત્ય વાક્ય સોને જોખાવારે, જેની અદ્ભૂત દીસે છે કાયો. ૨
એવા ભક્ત વત્સલ ભગવાનરે, હરીના લાલ ધરે નિત્ય ધ્યાનરે.

પદ ૧ લું.

મારે કૃષ્ણ જોવાના છે કોડ, સૈયર ચાલોને; (એ રાગ)
રઘુવર રણુ ચડીયા આજ, ભક્ત વિભિષણુને કાજ; લંકાગઢ લેવાને.
સમુદ્રતો ઉતરીરે, સૈન્યા ઉતારી પાર;
લંકાગઢ ઘેરી મુકામ કીધો, શેવાળુપર નીરધાર. લં૦ ૧
અંગદ ત્યાંથી સંચર્યારે, ગયા લંકાની મોઝાર લં૦ ૨
મૂરખને સમજાવવારે, નવ સમજ્યો અહંકારી કુમાર,
હનુમંતને તો રજા દીધીરે, જાઓ લંકાની મોઝાર. લં૦ ૩
રાવણુ મારી લંકાગઢ લેવો, એવો નક્કી કીધો વીચાર;
નારયણુનું નામ લેઇને, ચાલ્યો હનુમંત વીર;
હરીનો લાલ કરગરીરે કહે છે. બાળી લંકા હનુમંત વીર. ૪

પદ ૨ જું રાગ ઉપર પ્રમાણે.

લખીયા લેખ વિધાતરા માત, હવે શું કરીએરે;
લખીયું જો હશે લેવાય કૃષ્ણને વરીએરે.
વીઠલ વરતો વેગળોરે, દેખીને નાસે દુર;
દરશન કરવા જાવું છેરે, ચાલો ઝાંખીયે જોવાને જરૂર. હ૦ ૧
ગોકુળ ગામને ગોંદરેરે, વેણુ અલોકીક વાય;
હાથમાં લેઈ લાલ લાકડીરે, એતો ગાયો ચરાવાને જાય. હ૦ ૨
મોહનને બોલાવતાંરે, વાલો કરે છે રીસ;
જોર જુલમથી બોલાવશુરે, ગાળો દે દશવીશ. હ૦ ૩

કરમનણો વાંક કાઢીયેરે લખીયું હશે જે લેલાટ;
હરીનો લાલ કરમશી કહેરે, જુઓ ગોપીઓ જોતી વાટ. હ૦ ૪

પદ ૩ જુ' રાગ ઉપર પ્રમાણે.

મન માન્યુ અંબે મોરી માત, આરાસુર વાળીરે;
પુજુ' પાવાગઢમાં માય, દેવી મહાકાળીરે.
ચુંવાળ ચોકસેં ચાલીયાંરે, બહુચર ભોળી માય;
દૈત અતિ સંહારવારે, ચક્ર ત્રિશુળ લેઈને ધાય. આ૦ ૧
કાળીકાદેવીએ કોપજ કરીયો, દૈત ઉપર નિરવાણ;
ખડગ ત્રીધારૂં શોભતુંરે, જેમ આકાશે ઉગ્યો ભાણ. આ૦ ૨
સમરથ દેવી શોભતીરે, ચંડ મુંડ ચોળાય;
દેવતા આવી અરજ કરેરે, અમને પરમ સુખ થાય. આ૦ ૩
હરીના લાલને છે હામ તમારી, મોટી હેમાં માય;
દરસનથી દુઃખડાં જાઈરે તનડાં શીતળ થાય. આ૦ ૪

પદ ૧ લું.

મારૂં મન મોહ્યુંરે લખમી વરને લટકે. (રાગ)
રણછોડ રંગમાંરે રાત રહી છે થોડી.
અની હો હાંરે કાંઈ, અમર કરો આ જોડી; ર૦ (ટેક)
પુનમે પુરોરે ચંદ્ર ઉગ્યો આકાશે;
અની હાહાંરે કાંઈ ડાકોર કીધુંછે કાશી; ર૦ ૧
વાહાલાના મંડપમાં રંગ મચીયો;
અની હાંહાંરે કાંઈ શામળીયો મન વશીયો. ર૦ ૨
પ્રભુએ પુનમનો સંગ મેહ્યો;

આની હાંહાંરે કાંઈ અબીલ ગુલાલનીરે ર૦ ૩
હેતે હરીનો લાલ ગુણ ગાએ;
આની હાંહાંરે કાંઈ મનવાંછીત ફળ થાય. ર૦ ૪

પદ ૨ જું રાગ ઉપર પ્રમાણે.

રણછોડલાલારે, લાલ ગુલાલે ઘેરાયા;
આની હાંહાંરે કાંઈ શ્યામ દીસેછે કાયા, ર૦ (ટેક)
નામ મારો દ્વારકાંનો ધામી;
આની હાંહાંરે કાંઈ, ડાકોર કીધું નામી. ર૦ ૧
વાલે મારે ગોમતીજીની આરે;
આની હાંહાંરે કાંઈ ધુમ મચી અતિભારે. ર૦ ૨
આનંદથી ગોપીઆ ગાઈ;
આની હાંહાંરે કાંઈ મળવા આવ્યા ધાઈ. ર૦ ૩
ભગવાન ભક્ત તણે મન ભાવ્યા;
આની હાંહાંરે સાગરથી પુજવા લાવ્યા. ર૦ ૪
રણછોડ દરસનથી દુઃખ જાય;
આની હાંહાંરે કાંઈ હરીનો લાલ ખુશ થાય. ર૦ ૫

પદ ૩ જું રાગ ઉપર પ્રમાણે.

રણછોડ રાયારે, મનડું મારૂં મોયું;
આની હાંહાંરે કાંઈ ભવસાગર દુઃખ ખોયું. ર૦ (ટેક).
રૂપ અલોકીક દીસે છે ધામ,
આનીહાંહાંરે અંગે દીસો ઘનસ્યામ. ર૦ ૧
મોર મુગટ શીર છત્ર તે સોહીયે,
આનીહાંહાંરે ઘનસ્યામ મળે દુઃખ ખોઈએ. ર૦ ૨

હૈયે હાર મોતીયનની માળા,
અનીહાંહાંરે કાંઈ દીસો મોરલીયોવાળા. ર૦ ૩
અંગે પેહેર્યો જરીયન જામો,
અની હાંહાંરે સુંદિરવર બેઠો સામો. રણુ૦ ૪
શોભીતા હરી શણગાર સજ્યા,
અની હાંહાંરે કાંઈ હરીના લાલ દુઃખ તજ્યા; રણુ૦ ૫

પદ ૪. રાગ ઉપર પ્રેમાણે.

ડાકોર વશીયારે, નાથ નમેરા થઇને, અની હાંહાંરે બોડાણા સંગ જઇને.
સુંદીરવર વણ મંદીર શું જઇએ,
અની હાંહાંરે કાંઈ એ દુઃખ કયાં જઈ કહીએ ડા૦ ૧
ગુગળી દોડા દોડ કરે છે,
અની હાંહાંરે કાંઈ ધ્યાન પ્રભુનું ધરે છે. ડા૦ ૨
ખોળતાં ખોળતાં ડાકોર મળીયા,
અની હાંહાંરે કાંઈ દુઃખ દારિદ્ર ટળિયા. ડા૦ ૩
સવા વાલ સોનેથી તળીઆ,
અની હાંહાંરે જોઈ ગુગળી પાછા વળીયા ડા૦ ૪
હરીના લાલને હરનીશ ભાવ્યા,
અની હાંહાંરે કાંઈ બોડાણા સંગ આવ્યા. ડા૦ ૫

પદ ૧ લું રંગભેનીરે હો જાદવા જાવાદે. (રાગ.)

કાંઠે ઉભોરે કાળંદરીને નાથ રશીયો,
હાંરે એતો નટવરલાલ મારા દલ વશીયો. કાં૦ (ટેક).
ઉભોરે ઉભો વાંસળીરે વાય,
નાદ સુણીને મારૂં દલ ગભરાય. કાં૦ ૧

માથે બાંધ્યો જરીયન પટકો,
મન મોહી રહ્યું છે જોઈ તારો લટકો. કાંટે૦ ૨
ગામ અશાડી લો વરસત મેહ,
તારે આમારે બંધાણોરે સ્નેહ. કાંટે૦ ૩
હરીના લાલને દરસન દીધાં;
લક્ષ ચોરાશી દુઃખ હરીરે લીધાં. કાંટે૦ ૪

પદ ૪ રાગ ઉપર પ્રમાણે.

કહાંન વીનારે સખા હવે કેમ ચાલે;
હાંરે વશ કીધાં અમોને મોરલી વાળે. કહાંન૦ ટેક).
પ્રીતમજીએ તરછોડયાં અમને,
હાંરે એવું નવરે ઘટે કહાનજી તમને. કહાંન૦ ૧
સુધને બુધ્ય તે હરીને ગયો,
કરી પ્રીત પ્રીતમશું નેગરો થયો. કહાંન૦ ૨
હવેરે ગોપીકાનો ગર્વ ગયો,
ચતુરભૂજ રૂપ પ્રગટ થયો. કહાંન૦ ૩
હરીનો લાલ કહે પ્રભુ નથી દૂર,
ઘટઘટ આંતરજામી છે હજુર. કહાંન૦ ૪

પદ ૩. રાગ ઉપર પ્રમાણે.

કામણગારો ધૂતારો મારા દીલ વશીયો,
આગને મુકીને ગોકુળ આશીયો. કામગારો. (ટેક)
વંદ્રાવનમાં મોરલીરે વાય,
તે તો સુણીને મારૂં દિલ હરખાય. કામણગારો૦ ૧
શાંમળીગો છે છોગાળો,
જોને ઉભો એ મોરલીવાળો. કામણગારો૦ ૨

શરણાંગત પ્રભુ તારી રહું,
દિલડાંની વાત કોના આગળ કહું. કાંમણગારો૦ ૩
હરીના લાલને પ્રભુપર વહાલ
દુઃખ ટાળોને તમે ગાયોના ગોવાળ. કાંમણગારો૦ ૪

પદ ૪. રાગ ઉપર પ્રમાણે.

ગોરી સુરતા લગી હે પ્રભુકે ચરણે,
તમે રાખોને હરીનો લાલ શરણે. ગોરી૦ (ટેક.)
હરીરસ ગાવાનો રૂડોરે ભાવ,
મળ્યો છે મને રૂડો રટવાનો દાવ. ગોરી૦ ૧
શરણે રાખો સેવક જાણી,
ચરણોદકનું મળ્યું અમરીત પાણી. ગોરી૦ ૨
તાપ ત્રિવિધિના ટળીયા,
સુંદીર વર સાંમા મળીયા ગોરી૦ ૩
હરીનો લાલ હાજર દિનદાસ,
આપોને પ્રભુ તમ ચરણામાં વાસ. ગોરી૦ ૪

ઈશ્વર સ્તુતિ.

લાવણી. ગુલચમન બાગમે બીછુ (રાગ).

પ્રભૂ રચી અમોએ લઘુ ઓચ્છવપદમાળા,
કરો કૃપા હે જુગદાધાર મોરલીગોવાળા;
ગુરૂ કૃપાથી ગાયા ગુણ પ્રભૂજી તમારા,
લક્ષ ચોરાશી કેરા ફેરા મટાડો અમારા. પ્રભૂ૦ ૧
ભૂલ ચુકોની ક્ષમા કરશો નાથ કૃપાળ,
એક ચિતેથી દ્રઢ મન ધ્યાન જપુછું માળ. પ્રભૂ૦ ૨
પંચ વરસનું બાળક ધ્રુવ કષ્ટ તે કાપ્યાં,

શરણાંગત રાખી પદ અવિચળ આપ્યાં. પ્રભુ૦ ૩
નરસિંહ મેહેતો જે નારાયણના ભક્ત,
જુનાગઢવાસિ બ્રહ્મ નિંદા કરે જગત. પ્રભુ૦ ૩
હુંડિ શિકારી પોતે શામળશા નામ થાપ્યાં,
આપી નાણુંને સહુ કષ્ટ મેહેતાનાં કાપ્યાં, પ્રભુ૦ ૫
એવા ભક્તવત્સલ ભગવાન પ્રભુજી પ્યારા,
હિરો છો અલૌકિક રૂપ જગતથી ન્યારા. પ્રભુ૦ ૬
પ્રેહેલાદ પ્રભુજી બાળ હતું તમ શરણે,
કર્યું નરસિંહ રૂપે હિરણ્યાકશ્યનું મરણ. પ્રભુ૦ ૭
એવા ભક્તવત્સલ ભગવાન શરણ છું તારી;
દીનદાસ હરિનો લાલ અરજ લ્યો મારી. પ્રભુ૦ ૮

રાગ ઉપર પ્રમાણે.

પ્રભૂ સરણાંગત તમ દાસ શરણતો આવી,
કરો વાહાર ભક્તની આજ કરૂણા લાવી;
સુરદાસને પ્રભૂ હરીરસ સેવ્યાનો ધંધો,
કહો કોણ લિખિકો જોગ હુવેહે અંધો. પ્રભૂ૦ ૧
મીરાંબાઈ ભજતહે સુણો હરી રસમાળા,
રાણાયે દીયાહે દેખો ઝેરકા પ્યાલા. પ્રભૂ૦ ૨
અમરત માનીને વીખકા પ્યાલા પીલાયા;
દેખો કરૂણા કરી ભગવાન અમર થઈ કાયા પ્રભૂ૦ ૩
અખો ભગત હતા સોનાર પ્રભૂ ગુણ ગાયા;
જુઓને જગતમાં નામ અમર છે કાયા. પ્રભૂ૦ ૪
પુજી દેવી દુનીયામાં ચાર વલ્લભદાસે;

કરી જલચર બાળી મેહુર સુવાળો વાસે. પ્રભુ૦ ૫
એ પ્રમાણે રક્ષા કરોને પ્રભૂ અમને;
શરણાંગત હરીનો લાલ કહે છે તમને. પ્રભુ૦ ૬

રાગ ઉપર પ્રમાણે.

જુઓ ભગત આધીન ભગવાન શરણું તારી;
કરો કૃપાકે જુગદાધાર અરજ લ્યો મારી. (ટેક)
વિદુરજી ભગત મન પ્રભૂ તમારે ભાવ્યા;
તાંદળજા ભાજી આરોગવાને આવ્યા. જુઓ૦ ૧
સુદામા ચરિત્ર ગાય સુણે જે નિત્યે;
જમી તાંદુળનો પરસાદ આરોગ્યા પ્રીતે જુઓ૦ ૨
દ્રુપદિની લજ્જા રાખી સભાની મોઝાર;
દુશાસને તાણ્યાં ચીર કર્યા ત્યાં વાહાર. જુઓ૦ ૩
દુર્યોધનનું દળભંગ કુરૂક્ષેત્રમાં,
વિશ ઝળ પ્રગટ થઇ હતી ભીમ નેત્રમાં જુઓ૦ ૪
એવી હતી સાહ્ય પાંડવને પ્રભુજી તમારી,
હરીનો લાલ કહે કરો વાહાર પ્રભુજી અમારી. જુઓ૦ ૪

રાગ ઠુમરી.

હરદમ કૃશ્ન કહે તુ કૃસ્ન હે તું જીભ્યા મોરી. (એ રાગ).
સીતાપતી રામનામ રટણ કરને પાગ પ્રાણી,
નીકર એક ઘડીમાં જીભ્યા તારી લેશે તાણી. (ટેક).
ધરોને ધ્યાન જોડી તાન દયા દાન કરો;
નથી કાંઈ સાન કરૂં ધ્યાન પ્રીતે કાન ધરો. સી. ૧
લેતા રાંમનામ દામ હોકરો ન બેશે,
ધરોને હામ થશે કામ વૈકુંઠ વાસરે દશે. સી. ૨
અવિચળ નાથ સાથે બાથ ભીડો છોડી છંદા,

હરિનિ મુરતી સુરતિ જોડયા વિના સદા અંધા. સી. ૩
પ્રભૂ રસપાન કરો ગાન દોરી સાહી આજે,
તિમિરા ઘોર છોડી દોર પ્રભૂની બાંય સાજે. સી. ૪
અમુલખ ટાંણું આવું નાણું દીધેથી ના મળે:
એવું જાણી સુદ્ધ વાણી વદો તાપ ટળે સી. ૫
પ્રભૂની પ્રીતિ નિતિ રિતિ હજુ જાણી નહિં;
ભૂમિને ભાર દિધો સાર તો ન લીધો કાંઈ. સી. ૬
ધીક્કાર છે જાત તારી માતને તે ભારે મારી:
કીધો અપરાધ લાગ્યો બાધ શીગત થશે તારી. સી. ૭
લહોને ગુણ કરો પુન્ય જઈ પ્રભૂની આગે:
હરિનો લાલ રાખી વાહાલ મુક્તિ દાન માગે. સી. ૮

વસંત તિલકાછંદ અક્ષર ૧૪.

તગણ ભગણ જગણ જગણ ગુરૂ ગુરૂ.
આહીત કારિલ ધ્રુબૂક પ્રિતેથી વાચો,
સંસાર સાગર તરીપ્ર ભુનેજ પોંચો;
હ્યોનેસ દાસદ ગુણોપ્ર ભુતાવ ધારી.
પ્રીતેથિ પાનક રિલ્યોઅ ગરીત ધારી. ૧
હ્યોરાગ નામચ રણોદ કનુંજ માની,
સંસાર સાગર વિશેન થિતેસ માની;
હ્યોલાભ લાવજ ગમાંજિ ભથીન મારી,
પ્રીતેથિ પાનક રિલ્યોઘ મરીત ધારી. ૨
જેમાઅ પારર ચનાપ્ર ભૂનીજ ણાવી,
વાંચોવિ વેકદિ લમામાં તિહેત લાવી;
પ્રેમેથિ લાલહ રિનેવિ નતીક ચારી;
પ્રીતેથિ પાનક રિલ્યો અમરીત. ધારી. ૩

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ.

નકલ. નામ નારદીપુર.

૫૦ રા. બાપાલાલ દોલતરામ. જોશી.
૨૦ સાંકળચંદ છગનલાલ દવે
૨૫ ભાઈશંકર ઉમીયાશંકર રાવળ
૫ મણીલાલ છોટાલાલ પંડ્યા.
૫ હરગોવન વસંતરામ જહા
૫ વીઠ્ઠલદાસ કેશવલાલ ગાંધી.
૫ હરગોવન મોતીરામ ભટ વામજશાળાના બી. આ. મા.
૫ હરગોવન છગનલાલ રાવળ.
૧૬ દલસુખ જેરામ નાયક બળીયાકાકાના પૂજારા.
૨ બાલાભાઈ નાહાનચંદ શાહ. બ્રાંચ પોષ્ટ માસ્તર નારદીપૂર
૫ મોહનલાલ શવચંદ શાહ રાજપૂર સ. ગુ. શાળાના હેડ માસ્તર
૨ ભાઈચંદ ગીરધરલાલ શાહ નારદીપૂર શાળાના બી. આ. મા.
૪ મોહનલાલ મગનલાલ પંડ્યા. ગોઝારીયા સ. ગુ. શા. બી. આ. મા.
૨ ચુનીલાલ મગનલાલ, પંડ્યા. પીલુદરા સ૦ ગુ૦ શા૦ બી૦ આ૦ મા૦
૫ મૂળશંકર વસંતરામ જહા.

નકલ. નામ

૨ મુળચંદ પાનાચંદ ભાવસાર.
૧ મોતીજી બેહેચરજી વાઘેલા.
૧ જસરામ છગનલાલ જહા.
૧ ડાહ્યાભાઈ મગનલાલ ગાંધી નારદીપુર શા૦ પે૦ આ૦ મા
૧ હરીલાલ મોતીરામ પંડ્યા.
૧ ડાહ્યાભાઈ લલુભાઇ શાહ.
૧ મુળચંદ ઝવેરદાસ સોની.
૧ દતરાગ ગણપતરામ જહા.
૧ હરગોવત ખુલાસીરામ મેહેતા.
૧ સોની. બબલ પાનાચંદ.
૧ ઉમીયાશંકર ધીરજરામ ભટ
૧ સાંકળચંદ છગનલાલ પંડ્યા
૧ સોની નાનચંદ ભુલા.
૧ સોની ખુશાલ ગણેશ.
૧ લીલાધર ધીરજરામ ભટ.
૧ નાનાલાલ મુળશંકર રાવળ. વાહાવેલ ના૦ કા૦
૧ ગાંધી મુળચંદ વેણીદાસ.
૧ છોટાલાલ જેરામ પંડ્યા.
૧ ગાંધી અમાઇદાસ છગન.
૧ માણેકલાલ જેઠાભાઇ પંડ્યા.
૧ નાથાલાલ લક્ષ્મીરામ પંડ્યા
૧ પોલ નાહાના ઉમેદ.
૨ ઘાંચી રામદાસ ઉમરચંદ
૧ વાઘેલા સુજાજી કેસુજી.

૧ ચુનીલાલ મગનલાલ સીવરામ રાવળ.
૧ ગાંધી મોહનલાલ છગનલાલ
૧ કેશવલાલ હરીલાલ દવે.
૧ મોતીલાલ મગનલાલ રાવળ.
૧ શા પરશોતમ તલકશી
૫ મુળશંકર પરશુરામ જશા
૫ નાથાલાલ કેશલાલ મેહેતા.
૧ શા૦ નાગર મુળચંદ
૧ પટેલ ભલાભાઇ ત્રીભોવન.
૧ પટેલ ત્રીભોવન જેશીંગ.
૧ લલુભાઇ મગનલાલ જશા,
૧ ડાહ્યાભાઈ મોતીરામ જશા.
૧ ભાઇશંકર દોલતરામ ભટ.
વામજ સ૦ ગુ૦ શાળાના હેડ માસ્તર.
૨ ભાઇશંકર મગનલાલ મોજે ગામ રાંચરડાના નાકા કારકુન.
૨ શીવશંકર દોલતરામ ભટ. નારદીપુર સ૦ ગુ૦ શા૦ ત્રી૦ આ૦ મા૦

વીસનગર.

૮ ર૦ રા૦ સરૂપચંદ લલુભાઇ.પારી. વીસનગર કન્યાશાળાના મે૦ આ૦ મા૦
૫ રા૦ રા૦ છોટાલાલ મગનલાલ રાવળ.
૨૫ માણેકલાલ ત્રીભોવન મેહેતા
૫ નાથાલાલ મગનભાઇ પંડ્યા
૫૦ રા૦ રા૦ હરીશંકર જીવરામ.

મુંબાઈ.

રા૦ રા૦ મગનલાલ ગોવીંદરામ રાવળ,
૫ રા૦ રા૦ ગોવીંદભાઇ કેશવજી

કલોલ,

૧ તરવાડી રણછોડ હરજી.
૧ શા૦ કેશવલાલ સાંકળચંદ.
૫ શા૦ ચુનીલાલ જેગભાઇ.

વડોદરા.

૨૫ તરવાડી દયાશંકર વેણીરામ.

વેડા.

૨૫ ભાઇશંકર નરોતમદાસ જશા

લાછડી.

૫ ભુલાભાઇ જેચંદ પંડ્યા.

પળીયોડ.

૧ રાવળ છગનલાલ જેઠારામ.
૧ જશા. મોહનલાલ મથુરદાસ.

અમદાવાદ.

૮ રા૦ રા૦ ગુલાબરાય વેણીરામ

સેરથા.

૫ તરવાડી ભાઇશંકર અંબારામ મે૦ આ૦ મા૦ પળીયોડ.

સરખેજ.

૮ રા૦ રા૦ ગોવરધનદાસ નારણજી નારદીપુર સ૦ ગુ૦ શાળાના હેડ માસ્તર.

પાટણ.

૧ રા૦ રા૦ છગનલાલ મોતીરામ

અરામ નારદીપુર ના૦ કા૦

સરઢવ.

૧૦ શેઠ. સાંકળચંદ હરગોવનદાસ
૧૦ શેઠ૦ કેવળદાસ લલુભાઇ
૫ ગાંધી પરશુદાસ નાગરદાસ
૫ પા૦ ખોડીદાસ જીવીદાસ
૫ ભાવસાર પુરશોતમ જેચંદ
૨ ઠાકરા ગણુપતરામ જેશંકર
૨ રા૦ બાપુશંકર પ્રભાશંકર
૧ શેઠ મોહનલાલ ત્રીભોવનદાસ
૧ ગાંધી સાંકળચંદ વીરચંદ
૧ પા૦ મથુરદાસ જોઇતનદાસ
૧ શા૦ નથુભાઇ ઇશ્વરદાસ
૧ પટેલ ચેલદાસ ગુલાબચંદ
૧ રાવળ છગનલાલ જેચંદ
૧ પા૦ કારણુદાસ કાળીદાસ
૧ પા૦ બેહેચરદાસ ઉજમદાસ
૧ શા૦ મગનલાલ ઓતમદાસ
૧ પા૦ દયાળજી ગંગાદાસ.
૧ પા૦ ખોડીદાસ માધવજી.

સાતેજ.

૪ કાશીરામ કેશવરામ સાંતજ-શાળાના પે. આ. માસ્તર.
૧ પા. રામદાસ પરશુદાસ.

સઇજ.

૨ પા. ચેલદાસ મૂળદાસ મુખી.
૧ બબારામ લક્ષ્મીરામ રાવળ.
૧ માણી... ...મીરામ રાવળ.

વડુ.

૧ રણછોડ જેશંગદાસ સ. ગુ. શા. પે. આ. મા.

લાંઘણુજ.

૪ રા. રા. ભાઇશંકર બળદેવજી ભટ.

કડી.

૬ હરીલાલ બાપુભાઈ બારોટ.
૫ શા. ગીરધરલાલ મોહનલાલ કાપડવાળા.
૫ મુજમનદાર. મગનલાલ વ્રજ-ભુખણદાસ.
૫ દેશાઇ. મગનલાલ હરગોવિંદ-
૪ રેવાશંકર જેશંકર બાવળાના-તલાટી.
૪ ભટ. રેવાશંકર જેશીંગભાઈ.
૨ પરી. ચુનીલાલ મોહનલાલ
૨ રામનારાયણ છગનલાલ
૧ કુબેરભાઈ નાહાનાભાઈ સૈડવા.
૧ મોદી ભોગીલાલ છોટાલાલ
૧ પટેલ મોહનલાલ મોતીભાઈ
૧ દેશાઈ ચીમનલાલ છોટાભાવ
૧ ભટ નાથાલાલ હરીભાઈ
૧ સુકલ નાથાલાલ અમથાભાઈ
૧ છોટાલાલ નરોતમદાસ
૧ કેશવલાલ લલુભાઈ
૧ મગનલાલ લલુભાઈ ત્રંબક ક-લ્યાણ લાઈબ્રેરીયન.
૧ માસ્તર ઉમરખાન નરસીખાન

૧ મોહનલાલ જેઈતાભાઈ સંઘવી
૧ પરી. નાહાનાલાલ પરસોતમદાસ
૧ શા મણીલાલ શીવલાલ
૧ દેશાઇ દલસુખભાઈ દામોદરદાસ
૧ દેશાઈ છોટાલાલ અમથાભાઈ
૧ લાલજેભાઈ રામદાસ
૧ રાવળ શીવશંકર લીલાધર
૧ પરી. જેશીંગભાઈ લાલજીભાઈ
૧ પટેલ હરીલાલ નથુભાઈ
૧ ગોકુળ બેહેચરદાસ
૧ પરી. માણેકલાલ મોહનલાલ

વીજાપુર.

૧ મોદી લાલજીભાઇમોહન લાલ

સાંથળ.

૧ ભટ શંકરલાલ વસંતરામ

પ્રાંતીજ.

૧ રેવચંદ કાળીદાસ
૧ કેસરલાલ મનસુખરામ

પાનસર.

૧ મેહેતાજી મુળજી અમુલખ ગાભઠીશાળા
૧ પટેલ રણછોડ ગોપાળદાસ

રાજપુર.

૧ ઈશ્વરલાલ લલુભાઈ સ. ગુ. શા. બી. આ. મા.

જાહેર ખબર.

સર્વે સુજ્ઞ આર્ય સ્વદેશીઓ, અને વૈશ્યવાદિક સજ્જનોને અમો નીચે સહી કરનાર ઘણીજ નમ્રતાપૂર્વક વિનંતી કરીએ છીએ જે.

આ **ओज्ज्वलपद माळामणि** નામની ઘણીજ રસિક બુક બનાવનાર સેવક પાસેથી મળશે, નાટપેડ કાગળ લેવામાં આવશે નહી,

પુસ્તકનું નામ,	અગાઉથી ગ્રહા કને કિંમત.	પાછળથી ગ્રાહક થનારને કિંમત.
१ गजाननस्तुति.	०--२--०	०--३--०
२ भगवतिकाव्य.	०--४--०	०--६--०
३ अंबिकाअष्टक.	०--१--०	०--१--६
४ शंकराचार्य स्तुति.	०--२--०	०--३--०
५ [illegible] विजयसिंह नाटक.	१--०--०	१--४--०

ઉપર લખેલાં પુસ્તકો ઘણાંજ રસિક બનાવી તૈયાર કર્યા છે, તે થોડા દીવસમાં અગાઉથી ગ્રહાકો ૫૦૦ થએથી છપાવી બાહાર પાડવામાં આવશે.

લી. આજ્ઞાંકિત્ત સેવક.

મુ૦ નારદીપુર. તાલુકે કલોલ, પ્રાંત કડી. ઠેકાણું. નાગરવાડામાં.

હરીલાલ ઉમીયાશંકર.
લાલજી પ્રાણશંકર.